સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS




દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.


**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[june-2019]
[09/06 to 15/06]

# WEEK-24

## CURRENT TOPIC

- પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ 2014-15થી 2017-18
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને માલદીવનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'નિશાન ઈઝ્ઝુદ્દીન' એનાયત
- ફ્રેન્ચ ઓપન-2019
- મધ્યપ્રદેશના ભાજપના સાંસદ ડો. વીરેન્દ્રકુમારની પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક
- શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ-2019
- ચક્રવાત 'વાયુ'


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**9 JUNE, 2019 SUNDAY**

## ➤ ભારતના પ્રથમ અને વિશ્વના ત્રીજા ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્કનું રૈયોલીમાં લોકાર્પણ

8 જૂન 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>એ ગુજરાતમાં <u>મહિસાગર</u> જિલ્લાના <u>બાલાસિનોર</u> તાલુકાના <u>રૈયોલી (અથવા રૈયાલી)</u> ખાતે <u>ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્ક</u>નું લોકાર્પણ કરાવ્યું છે.

- રૈયોલી ખાતે લોકાર્પણ પામેલું આ ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્ક <u>ભારતનું પ્રથમ અને વિશ્વનું ત્રીજા નંબર</u>નું ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્ક છે.
- આશરે 6.5 કરોડ વર્ષ પહેલા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામના આશરે 52 હેક્ટર જેટલા વિસ્તારોમાં મહાકાય ડાયનાસોરની વિવિધ પ્રજાતિઓ અસ્તિત્વમાં હતી.
- 1980થી 83ના ગાળામાં રૈયોલીમાં ખોદકામ દરમિયાન <u>ક્રિટેશિયસ યુગ</u>ના ડાયનાસોરનાં <u>ઈંડા અને અવશેષો</u> (ડાયનાસોરના વિવિધ ભાગોના હાડકાં) મળી આવ્યા હતા.
- ડાયનાસોરના જીવાશ્મ (ફોસીલ) અવશેષો તથા થીજીને પથ્થર બની ગયેલા ડાયનાસોરના ઈંડા તેમજ વિવિધ સંશોધનોને આધારે આ વિશ્વનો ત્રીજો અને ભારતનો પ્રથમ ડાયનાસોર જીવાશ્મ ઉદ્યાન (ફોસીલ પાર્ક) બનાવવામાં આવ્યો છે.
- આ ફોસીલ પાર્કની સાથે સાથે અદ્યતન ટેક્નોલોજીનો વિનિયોગ કરીને <u>10 ગેલેરી</u> ધરાવતું ડાયનાસોર મ્યુઝિયમ પણ અહીં બનાવવામાં આવ્યું છે.
- જેમાં ડાયનાસોરની પ્રજાતિઓના ઉદ્દભવથી વિલુપ્તિ સુધીના વિજ્ઞાન અને ઈતિહાસની માહિતી મળશે.
- <u>ગુજરાત</u> રાજ્યના <u>પ્રવાસન નિગમ</u> દ્વારા આ સ્થળ વિકસાવવામાં આવ્યું છે.
- આ મ્યુઝિયમ–ફોસીલ પાર્કના નિર્માણથી રૈયોલીનું ડાયનાસોર પાર્ક સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ વર્લ્ડ મેપ પર ગુજરાતનું વધુ એક અલભ્ય પ્રવાસન સ્થળ બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ પ્રસંગે મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>એ રૈયોલીના ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્કને થ્રી ડી ટેક્નોલોજી અને આધુનિક ટેક્નિક સાથે વિશ્વ પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવા માટે પ્રવાસન વિભાગને <u>10 કરોડ રૂપિયા</u>ની વધારાની રકમ આપવાની જાહેરાત કરી હતી.

(2) <u>1980થી 83</u> દરમિયાન <u>રૈયોલી</u> ખાતેથી ડાયનાસોરની <u>ત્રણ</u> પ્રજાતિઓ : <u>(1) રાજાસોરસ નર્મન્ડેન્સિસ (2) રાયોલિસોરસ ગુજરાતેન્સિસ અને (3) ટાએટેમોસોરસ</u>ના હાડકાંરૂપી અવશેષો મળી આવ્યા હતા.

(3) ત્યારબાદ વર્ષ <u>2003</u>માં રૈયોલીમાં <u>ટાયરેનોસૌરસ રેક્સ કુળ</u>ની ડાયનાસોરની લગભગ <u>સાત</u> પ્રજાતિઓ શોધી કાઢવામાં આવી હતી.



## ➢ પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ 2014-15થી 2017-18



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ તાજેતરમાં **ગાંધીનગર** ખાતે યોજાયેલા એક સમારોહમાં ગુજરાત સરકાર દ્વારા એનાયત થતા **પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ**થી ચાર સંગીતકારોને સન્માનિત કર્યા છે.

- ગુજરાત સરકારની **સંગીત નાટક અકાદમી** અને **ગાંધીનગર કલ્ચરલ ફોરમ**ના સંયુક્ત ઉપક્રમે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં વર્ષ **2014-15થી 2017-18** સુધીના પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ માટે નીચેના મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા છે.

**પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ વિજેતા ગાયકો**

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી અજોય ચક્રવર્તી | 2014-15 |
| 2 | ઉસ્તાદ ગુલામ મૂસ્તૂફા ખાન | 2015-16 |
| 3 | પંડિત ઉલ્હાસ કાશલકર | 2016-17 |
| 4 | શ્રી શેખરસેન | 2017-18 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### (1) શ્રી અજોય ચક્રવર્તી :

- તેમનો જન્મ **પશ્ચિમ બંગાળ**ના કોલકાતામાં થયો હતો.
- તેઓ ભારતના પ્રસિદ્ધ **હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક અને સંગીતકાર** છે.
- **પટિયાલા કસૂર ઘરાના**ના તેઓ પ્રસિદ્ધ કલાકાર છે.
- વર્ષ **2011**માં તેમને **પદ્મ શ્રી પુરસ્કાર** એનાયત થયો હતો.

### (2) ઉસ્તાદ ગુલામ મૂસ્તૂફા ખાન :

- **ઉત્તરપ્રદેશ**ના **બદાયુ** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પ્રસિદ્ધ **હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક તથા સંગીતકાર** છે.
- **રામપુર-સહસવાન ઘરાના** સાથે તેઓ સંકળાયેલા છે.
- તેમને **પદ્મ શ્રી (1991)**, **પદ્મ ભૂષણ (2006)**, અને **પદ્મ વિભૂષણ (2018)**, પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

### (3) પંડિત ઉલ્હાસ કાશલકર :

- તેમનો જન્મ **મહારાષ્ટ્ર**ના **નાગપુર**માં થયો હતો.
- તેઓ ભારતના પ્રસિદ્ધ **હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક** છે.
- તેઓ **જયપુર અને આગરા ઘરાના** સાથે સંકળાયેલા છે.
- વર્ષ **2010**માં તેમને પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો હતો.

**(4) શ્રી શેખરસેન :**

- તેમનો જન્મ છત્તીસગઢના રાયપુર ખાતે થયો હતો.
- તેઓ ભારતના પ્રસિદ્ધ ગાયક, સંગીતકાર, નાટ્યલેખક, અભિનેતા અને દિગ્દર્શક છે.
- તેઓ તેમના મોનોએક્ટ મ્યુઝિકલ નાટકો માટે ખૂબ જ પ્રસિદ્ધ છે.
- શ્રી શેખરસેન નવી દિલ્હી ખાતે આવેલી ભારત સરકારની સંગીત નાટક અકાદમીના વર્તમાન (9 જૂન, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ છે.

**પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય એવોર્ડ**

ગુજરાતના આણંદ જિલ્લાના જહાજ નામના ગામમાં જન્મેલા ભારતના પ્રસિદ્ધ હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક પંડિત ઓમકારનાથ ઠાકુરની યાદમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2012માં આ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત સૌપ્રથમ પંડિત જસરાજને વર્ષ 2012-13 માટેનો આ પુરસ્કાર એનાયત થયો હતો.
- જ્યારે વર્ષ 2013-14 માટેનો આ એવોર્ડ પંડિત રાજન અને સાજન મિશ્રાને એનાયત થયો હતો.
- આ એવોર્ડ વિજેતા ગાયક–સંગીતકારને તામ્રપત્ર અને રૂ. 5 લાખ પુરસ્કાર રૂપે આપવામાં આવે છે. આ ઉપરાંત શાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવે છે.

**નોંધ :** ગાંધીનગર ખાતે યોજાયેલા સમારોહમાં ઉપરોક્ત ચાર સિદ્ધહસ્ત ગાયકો ઉપરાંત હિન્દી ફિલ્મ જગતના પ્રસિદ્ધ ગાયિકા સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિને પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રશસ્તિપત્રથી વિશેષ સન્માનિત કર્યા હતા.




## ➤ એર માર્શલ અર્જનસિંઘના જન્મ શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણી

તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા **એર માર્શલ અર્જન સિંઘ**ના જન્મ શતાબ્દી વર્ષની સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી રહી છે.

- આ અંતર્ગત ગુજરાતના **ગાંધીનગર** ખાતે ગુજરાતના રાજ્યપાલ **શ્રી ઓ. પી. કોહલી**ની અધ્યક્ષતામાં વાયુસેનાના જવાનો દ્વારા જન્મ શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

### એર માર્શલ અર્જન સિંઘ



ભારતીય વાયુસેનામાં એર માર્શલ **5 સ્ટાર રેન્ક** ધરાવે છે, જે ભૂમિદળમાં ફિલ્ડ માર્શલની સમકક્ષ છે. અત્યાર સુધી સંરક્ષણ દળોનાં **ત્રણ** અધિકારીઓને જ આ દુર્લભ રેન્ક મળ્યો છે. જેમાંના એક **શ્રી અર્જન સિંઘ છે.**

- આ રેન્ક ધરાવતા ભારતીય સેનાના અન્ય બે **ફિલ્ડ માર્શલ કે. એમ. કરિઅપ્પા** અને **ફિલ્ડ માર્શલ સેમ માણેક શો** છે.
- વિશિષ્ટ ફલાઈંગ ક્રોસ ધરાવતા ભારતીય વાયુદળના એર માર્શલ અર્જન સિંઘનો જન્મ 15 એપ્રિલ, 1919માં **પંજાબ**ના **લાયલપુર**માં થયો હતો.
- તેમણે ડિસેમ્બર, 1939માં પાયલોટ ઓફિસર તરીકે પ્રવેશ મેળવ્યો હતો.
- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે સફળતાપૂર્વક સ્કવેડ્રનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. 1944માં તેમને ડિસ્ટિંગ્યુઈશ્ડ ફલાઈંગ ક્રોસ (DFC)નો એવોર્ડ મળ્યો હતો.
- તેમણે 1964થી 1969 સુધી ચીફ ઓફ ધ એર સ્ટાફ તરીકે સેવા કરી હતી.
- 1965માં ભારત–પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન ભારતીય વાયુદળના કમાન્ડિંગમાં વિશિષ્ટ સેવા બદલ તેમને પદ્મ વિભૂષણ એનાયત થયો હતો.
- તેઓ 45 વર્ષની નાની વયે **1966**માં ભારતીય વાયુદળમાં **એર ચીફ માર્શલ**નો રેન્ક મેળવનાર **પ્રથમ** અધિકારી બન્યા હતા.
- 50 વર્ષની વયે ભારતીય વાયુદળમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે **સ્વિટ્ઝર્લેન્ડ**માં ભારતના રાજદૂત તરીકે અને પછી ભારત સરકારના સલાહકાર તરીકે સેવા આપી હતી.
- તેમને 1989થી 1990 સુધી **દિલ્હી**નાં લેફ્ટનન્ટ **ગવર્નર** બનાવવામાં આવ્યા હતા.
- વર્ષ 2002માં તેઓ ભારતીય વાયુદળના એર માર્શલ તરીકે **ફાઈવ-સ્ટાર રેન્ક**નું પ્રમોશન મેળવનાર **ભારતીય વાયુદળના પ્રથમ અધિકારી** બન્યા હતા.

**નોંધ :** ભારતમાં એર માર્શલનો હોદ્દો જીવનપર્યંત હોય છે.

## ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સુરત ખાતેથી ''ફેમિલી ફાર્મર અભિયાન''નો પ્રારંભ

8 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **સુરત**ના અબ્રામા રોડ, **ગોપીન ગામ** ખાતેથી **'ફેમિલી ફાર્મર અભિયાન'**નો શુભારંભ કરાવ્યો છે.આ અંતર્ગત તેમણે **www.familyfarmerabhiyaan.com** નામની વેબસાઈટનું ડિજિટલી લોન્ચિંગ કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE E

## ફેમિલી ફાર્મર અભિયાન શું છે ?

આ અભિયાન અંતર્ગત www.familyfarmerabhiyaan.com નામની વેબસાઈટ પર ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું લિસ્ટ મૂકવામાં આવ્યું છે.ઓર્ગેનિક આહાર મેળવવા ઈચ્છતા લોકો આ ખેડૂતો સાથે કરાર કરી વિવિધ કૃષિ ઉત્પાદનો અને જરૂરી માર્ગદર્શન મેળવી શકશે.

## આ અભિયાનનો ઉદ્દેશ શું છે ?

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી દ્વારા લોકોને રસાયણ મુક્ત ખોરાક મળી રહે તે માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

- આ ઉપરાંત આ અભિયાનનો અન્ય એક ઉદ્દેશ વિલાયતી ખાતર અને જંતુનાશક દવાઓમાંથી મુક્તિ આપી ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવાનો પણ છે.

## આ અભિયાન કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?

સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ દ્વારા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

- સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના પ્રમુખ પદ્મશ્રી મથુરભાઈ સવાણી આ અભિયાનના પ્રણેતા છે.


ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

2019માં ઝડપથી આવી રહેલી સરકારી ભરતીની માસ્ટર સ્ટ્રોક તૈયારી

ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ Special Discount

ફ્રી ટ્રાયલ લેકચર 18/06/19 સમય: 4 to 6pm

50% Discount 80% થી વધુને

20% Discount 60% થી વધુને

10% Discount 40% થી વધુને

2012 - 18 1237+ સફળ ઉમેદવાર

સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી ગહન અભ્યાસ

32થી વધુ Weekly OMR પદ્ધતિથી Test (મૂલ્યાંકન સાથે)

શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ

ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ

Mega Test OMR Sheet સાથે 10 Mega Test Paper

જેનું સ્તર જયાં છે ત્યાંથી સફળતાની ટોચે લઈ જવાની આગવી ટેકનિક

21થી વધુ Updated પરીક્ષાલક્ષી મટીરિયલ્સ

સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ

સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ

પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે Current Affairsના Special Lecture ફ્રીમાં રહેશે.

## ICE ? Questions

1. 9 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જગ્યાએથી ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્કનું લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) સુરત (B) સાપુતારા (C) રૈયોલી (D) માંડવી **(C)**

2. રૈયોલી ખાતે સ્થપાયેલ ડાયનાસોર મ્યુઝિયમ અને ફોસીલ પાર્કના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે વિશ્વનો ત્રીજો અને ભારતનો પ્રથમ ફોસીલ પાર્ક અને ડાયનાસોર મ્યુઝિયમ છે.
   2. ભારત સરકારના પ્રવાસન નિગમ દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
   Ans. : (A) 1 અને 2 બંને સાચા (B) 1 અને 2 બંને ખોટા
   (C) 1 સાચું, 2 ખોટું (D) 1 ખોટું, 2 સાચું **(C)**

3. ડાયનાસોર માટે પ્રસિદ્ધ રૈયોલી ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
   (A) મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં (B) પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં
   (C) પંચમહાલ જિલ્લાના બાલાસિનોર તાલુકામાં (D) મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં **(D)**

4. પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ વિજેતા સંગીતકારો અને વર્ષની નીચેની જોડીમાંથી કઈ જોડ સાચી નથી ?
   (A) શ્રી અજોય ચક્રવર્તી - 2014 અથવા 2014-15
   (B) ઉસ્તાદ ગુલામ મૂસ્તૂફા ખાન -2015 અથવા 2015-16
   (C) પંડિત ઉલ્હાસ કાશલકર - 2016 અથવા 2016-17
   (D) શ્રી શેખરસુમન - 2017 અથવા 2017-18 **(D)**

5. પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના અમદાવાદ જિલ્લાના જહાજ ગામમાં જન્મેલા હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક પંડિત ઓમકારનાથ ઠાકુરની યાદમાં આ એવોર્ડ એનાયત થાય છે.
   2. આ એવોર્ડ અંતર્ગત રૂ. 5 લાખ રોકડા, તામ્રપત્ર અને શાલ એનાયત થાય છે.
   3. શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 2012માં આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.
   4. 2012 અથવા તો 2012-13માં સૌપ્રથમ પંડિત જસરાજને આ પુરસ્કાર એનાયત થયો હતો.
   Ans. : (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 4 (D) 2, 3 **(B)**

6. નવી દિલ્હી ખાતે આવેલી સંગીત નાટક અકાદમીના વર્તમાન (9 જૂન, 2019ની સ્થિતિએ) અધ્યક્ષનું નામ શું છે ?
   (A) શ્રી શેખર કપૂર (B) શ્રી શેખર સેન (C) શ્રી શેખર શર્મા (D) શ્રી શેખર વર્મા **(B)**

7. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલા પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડના વિતરણ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ હિન્દી ફિલ્મ જગતના કયા પ્રસિદ્ધ ગાયિકાને પ્રશસ્તિપત્રથી વિશેષ સન્માનિત કર્યા હતા ?
   (A) સુશ્રી સવિતા કૃષ્ણમૂર્તિ (B) સુશ્રી સરિતા કૃષ્ણમૂર્તિ
   (C) સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ (D) સુશ્રી વનિતા કૃષ્ણમૂર્તિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 8. | તાજેતરમાં ભારતમાં વાયુસેના દ્વારા કયા એર માર્શલના જન્મ શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે ?<br>(A) ફિલ્ડ માર્શલ કે. એમ. કરિઅપ્પા (B) ફિલ્ડ માર્શલ સેમ માણેક શો<br>(C) એર માર્શલ સમશેર સિંઘ (D) એર માર્શલ અર્જન સિંઘ | (D) |
| 9. | 8 જૂન, 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'ફેમિલી ફાર્મર અભિયાન'નો પ્રારંભ કયાંથી કરાવ્યો છે ?<br>(A) નવસારી (B) આણંદ (C) સુરત (D) વલસાડ | (C) |
| 10. | 8 જૂન, 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ વેબસાઈટ લોન્ચ કરીને 'ફેમિલી ફાર્મર અભિયાન'નો પ્રારંભ કરાવ્યો હતો ?<br>(A) www.familyfarmerabhiyaan.net (B) www.familyfarmerabhiyaan.in<br>(C) www.familyfarmerabhiyaan.com (D) ત્રણમાંથી કોઈ નહિ | (C) |
| 11. | તાજેતરમાં ગુજરાતમાં કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલા 'ફેમિલી ફાર્મર અભિયાન'નો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રારંભ કરાવ્યો છે ?<br>(A) જલધારા વિકાસ ટ્રસ્ટ (B) સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ<br>(C) જલધારા કૃષિ વિકાસ ટ્રસ્ટ (D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## 10 JUNE, 2019 MONDAY

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને માલદીવનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'નિશાન ઈઝ્ઝુદ્દીન' એનાયત



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી વખત વડાપ્રધાન બન્યા બાદ તેમની સૌપ્રથમ વિદેશ યાત્રાનો શુભારંભ માલદીવથી કર્યો હતો.

- આ અંતર્ગત તેમણે 8 જૂન, 2019ના રોજ માલદીવની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન તરીકે તેમની માલદીવની આ બીજી મુલાકાત હતી.
- જયાં માલદીવના રાષ્ટ્રપતિ શ્રી ઈબ્રાહીમ મોહમ્મદ સોલિહે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'Order of the Distinguished Rule of Nishan Izzuddin'થી સન્માનિત કર્યા હતા.
- 'નિશાન ઈઝ્ઝુદ્દીન' એ વિદેશી મહાનુભાવોને આપવામાં આવતું માલદીવનું સર્વોચ્ચ સન્માન છે.
- તેમની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ શ્રી ઈબ્રાહીમ મોહમ્મદ સોલિહને ભારતીય ક્રિકેટ ટીમના હસ્તાક્ષર વાળું એક બેટ ભેટમાં આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં એનાયત થયેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | કોના દ્વારા |
|---|---|---|
| 1 | ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ (2019) | રશિયા |
| 2 | ઝાયેદ મેડલ (2019) | યુનાઈટેડ આરબ અમિરાત (UAE) |
| 3 | (પ્રથમ) ફિલિપ કોટલર પુરસ્કાર (2019) | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 4 | સીયોલ શાંતિ પુરસ્કાર 2018 | દક્ષિણ કોરિયા |
| 5 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર 2018 | યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર) |
| 6 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર 2018 | પેલેસ્ટાઈન |
| 7 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર (2016) | અફઘાનિસ્તાન |
| 8 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર (2016) | સાઉદી અરેબિયા |

### માલદીવની સંસદ People's Majlisને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન

માલદીવની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માલદીવની સંસદ 'પિપલ્સ મજલિસ'ને સંબોધન પણ કર્યું હતું.

- તેમના આ સંબોધનમાં તેમણે હિંદ મહાસાગર ક્ષેત્ર માટે તેમણે ચાર વર્ષ પહેલા રજૂ કરેલા SAGAR વિઝનનો ઉલ્લેખ કર્યો હતો.
- જેમાં SAGARનું પૂરું નામ 'Security And Growth for All in the Region' છે.

**નોંધ :** માલદીવની સંસદના વર્તમાન (10 જૂન, 2019ની સ્થિતિએ) સ્પીકરનું નામ શ્રી મોહમ્મદ નશીદ છે.

## ભારત-માલદીવ વચ્ચે કરાર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની માલદીવની આ મુલાકાત દરમિયાન ભારત અને માલદીવ વચ્ચે આશરે **6 કરાર** પર હસ્તાક્ષર થયા છે.

- આ છ કરારમાં નીચેના કરારોનો સમાવેશ થાય છે :
  (1) હાઈડ્રોગ્રાફીના ક્ષેત્રમાં સહયોગ માટે કરાર
  (2) સ્વાસ્થ્યના ક્ષેત્રમાં સહયોગ માટે કરાર
  (3) દરિયાઈ માર્ગે યાત્રી અને કાર્ગો સેવા શરૂ કરવા માટે કરાર
  (4) કસ્ટમ ક્ષમતા નિર્માણમાં સહયોગ માટે કરાર
  (5) માલદીવના સરકારી કર્મચારીઓને તાલીમ આપવા માટે કરાર
  (6) વ્હાઈટ શિપિંગ ઈન્ફોર્મેશનની આપ–લે માટે ટેક્નિકલ કરાર

**નોંધ :** (1) આ અગાઉ માલદીવના રાષ્ટ્રપતિ શ્રી ઈબ્રાહિમ સોલિહની ભારત મુલાકાત દરમિયાન ભારત–માલદીવ વચ્ચે **ચાર કરાર** પર હસ્તાક્ષર થયા હતા.
(2) જેમાં **વિઝા** અંગે થયેલા કરાર ખૂબ જ અગત્યના હતા.
(3) આ ઉપરાંત એ સમયે ભારત દ્વારા માલદીવને **1.4 અબજ ડોલર**ની આર્થિક સહાયની પણ જાહેરાત કરવામાં આવી હતી.

## NCGG અને માલદીવના સિવિલ સર્વિસ કમિશન વચ્ચે કરાર

ઉપરોક્ત છ કરારોમાંથી સિવિલ સર્વિસ ટ્રેઈનિંગ માટેની ભારતની મુખ્ય સંસ્થા **National Center for Good Governance (NCGG)** અને **માલદીવના સિવિલ સર્વિસ કમિશન** વચ્ચે થયેલા કરાર અંતર્ગત આગામી **5 વર્ષ**માં ભારત માલદીવના **1000** જેટલા સરકારી ઓફિસરોને ક્ષમતા નિર્માણ માટે તાલીમ આપશે.

- આ માટેનો તમામ ખર્ચ કેન્દ્રીય **વિદેશ મંત્રાલય** દ્વારા આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની માલદીવની મુલાકાતનું કૂટનીતિક મહત્ત્વ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકેના તેમના બીજા કાર્યકાળના શપથગ્રહણ સમારોહમાં **બિમસ્ટેક દેશો**ના વડાઓને આમંત્રણ આપ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની પહેલી વિદેશ યાત્રા માટે **માલદીવ**ની પસંદગી કરીને સરકારની વિદેશનીતિમાં **દક્ષિણ એશિયા**ના દેશોને મહત્ત્વ આપવાની નીતિ સ્પષ્ટ કરી છે.

- ખાસ કરીને દક્ષિણ એશિયામાં ભારતના પાડોશી દેશોમાં વધી રહેલા ચીનના પ્રભાવને રોકવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ **માલદીવ**ની તેમજ ત્યારબાદ તેમની **શ્રીલંકા**ની મુલાકાત ખૂબ જ અગત્યની છે.

## માલદીવ

ભારતીય ઉપખંડની દક્ષિણ પશ્ચિમે **હિંદ મહાસાગર**માં ભારતના દક્ષિણ તટથી લગભગ **400** કિમી દૂર આવેલું માલદીવ **1100** કરતા વધુ દ્વીપોનો સમૂહ છે.


- મલાદીવ વસતી અને વિસ્તાર એમ બંને દષ્ટિએ **એશિયાનો સૌથી નાનો દેશ** છે.
- માલદીવની રાજધાની **માલે** છે.
- તેનું ચલણ **માલદીવીયન રૂફિયા** છે.
- વર્ષ **2016**ની વસતી ગણતરી અનુસાર તેની વસતી આશરે **4.27 લાખ** છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો શ્રીલંકાનો પ્રવાસ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **માલદીવ** બાદ 9 જૂન, 2019ના રોજ **શ્રીલંકા**ની મુલાકાત લીધી હતી.

- આ વડાપ્રધાન તરીકેની તેમની શ્રીલંકાની **ત્રીજી** મુલાકાત હતી.
- જ્યારે શ્રીલંકામાં 21 એપ્રિલ, 2019ના રોજ ઘટેલી **ઈસ્ટર સન્ડે બ્લાસ્ટ**ની ઘટના બાદ શ્રીલંકાની મુલાકાત લેનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી **પ્રથમ વિદેશી નેતા** બન્યા છે.
- તેમની આ મુલાકાત દરમિયાન તેમણે શ્રીલંકાના રાષ્ટ્રપતિ **શ્રી મૈત્રિપાલા સિરિસેના**, શ્રીલંકાના વડાપ્રધાન **શ્રી વિક્રમા સિંઘે** તથા શ્રીલંકાના વિપક્ષના નેતા **શ્રી મહિંદા રાજપક્ષા** સાથે બેઠક યોજીને ચર્ચા વિચારણા કરી હતી.
- આ ઉપરાંત તેમણે શ્રીલંકાના પ્રેસિડેન્ટ હાઉસમાં **અશોક વૃક્ષ**નો એક છોડ પણ રોપ્યો હતો.

## ➤ ફ્રેન્ચ ઓપન-2019

તાજેતરમાં 26 મેથી 9 જૂન, 2019 દરમિયાન ફ્રાન્સમાં પેરિસના સ્ટેડ રોલાન્ડ ગેરોસ સ્ટેડિયમ ખાતે ફ્રેન્ચ ઓપનની 123મી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં સ્પેનના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી શ્રી રાફેલ નડાલે ઓસ્ટ્રિયાના શ્રી ડોમિનિક થિએમને પરાજય આપીને ફ્રેન્ચ ઓપનનું મેન્સ સિંગલ્સ ટાઈટલ 12મી વખત જીતી લીધું છે.
- જ્યારે ઓસ્ટ્રેલિયાના મહિલા ટેનિસ ખેલાડી સુશ્રી એશ્લે બાર્ટીએ ચેક રિપબ્લિકના સુશ્રી માર્કેટા વોન્ડરુસોવાને પરાજય આપીને ફ્રેન્ચ ઓપનનું વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ પ્રથમ વખત જીતી લીધું છે.

### ફ્રેન્ચ ઓપન 2019 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી રાફેલ નડાલ (સ્પેન) | શ્રી ડોમિનિક થિએમ (ઓસ્ટ્રિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી એશ્લે બાર્ટી (ઓસ્ટ્રેલિયા) | સુશ્રી માર્કેટા વોન્ડરુસોવા (ચેક રિપબ્લિક) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી કેવિન ક્રાઉઆત્ઝ (જર્મની)<br>શ્રી એન્ડ્રીસ મીઝ (જર્મની) | શ્રી જેરેમી ચાર્ડી (ફ્રાન્સ)<br>શ્રી ફેબ્રિસ માર્ટિન (ફ્રાન્સ) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી ટિમીયા બેબોસ (હંગેરી)<br>સુશ્રી ક્રિસ્ટિના મ્લાદેનોવિક (ફ્રાન્સ) | સુશ્રી ડુઆન યિંગીંગ (ચીન)<br>સુશ્રી ઝેંગ સેસાઈ (ચીન) |
| 5 | મિક્સડ ડબલ્સ | સુશ્રી લતિશા ચાન (ચીની તાઈપેઈ)<br>શ્રી ઈવાન ડોડિગ (ક્રોએશિયા) | સુશ્રી ગેબ્રિએલા ડેબ્રોવસ્કી (કેનેડા)<br>શ્રી મેટ પેવિક (ક્રોએશિયા) |








## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં (1) **ઓસ્ટ્રેલિયન ઓપન** (2) **ફ્રેન્ચ ઓપન** (3) **વિમ્બલ્ડન** અને (4) **યુએસ ઓપન**નો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ **ચારેય** સૌથી મોટી ટુર્નામેન્ટ **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં ઉપરોક્ત **ચાર** ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |

- **ફ્રેન્ચ ઓપન ક્લે કોર્ટ** પર રમાય છે.
- **ઓસ્ટ્રેલિયન ઓપન** એ દર વર્ષે **વર્ષના પ્રારંભે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **યુએસ ઓપન** એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **વિમ્બલ્ડન** એ **સૌથી જૂની** ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

**નોંધ :** (1) ટેનિસનું મેદાન **કોર્ટ** તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ **કોર્ટ** તરીકે જ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........



ICE Questions

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી વખત વડાપ્રધાન બન્યા બાદ તેમની સૌપ્રથમ વિદેશ યાત્રાનો પ્રારંભ કયા દેશથી કર્યો હતો ?
(A) શ્રીલંકા (B) નેપાળ (C) માલદીવ (D) મ્યાનમાર — (C)

2. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં માલદીવનો કયો સર્વોચ્ચ એવોર્ડ એનાયત થયો છે ?
(A) નિશાન એ તારીફ (B) નિશાન એમ્પાયર (C) નિશાન અઝરુદ્દીન (D) નિશાન ઈઝ્ઝુદ્દીન — (D)

3. 8 જૂન, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમની માલદીવ મુલાકાત દરમિયાન કોના દ્વારા માલદીવનો સર્વોચ્ચ પુરસ્કાર 'નિશાન ઈઝ્ઝુદ્દીન' એનાયત થયો છે ?
(A) શ્રી મોહમ્મદ નશીદ (B) શ્રી ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહ
(C) શ્રી મોહમ્મદ હમીદ (D) શ્રી મોહમ્મદ યાકૂબ — (B)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની માલદીવની મુલાકાત દરમિયાન માલદીવની સંસદને સંબોધન કર્યું હતું.... માલદીવની આ સંસદનું નામ શું છે ?
(A) પિપલ્સ મજલિસ (B) પિપલ્સ મુફલિસ (C) પિપલ્સ મંજિલ (D) પિપલ્સ મયફિલ — (A)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની માલદીવની મુલાકાત દરમિયાન ભારત અને માલદીવ વચ્ચે કેટલા કરાર પર હસ્તાક્ષર થયા છે ?
(A) 4 (B) 6 (C) 8 (D) 10 — (B)

6. તાજેતરમાં ભારતની કઈ સંસ્થા દ્વારા માલદીવના 1000 જેટલા સરકારી ઓફિસરોને ક્ષમતા નિર્માણ માટે તાલીમ આપવા માલદીવના સિવિલ સર્વિસ કમિશન સાથે કરાર કરવામાં આવ્યા છે ?
(A) National Center for Good Governance (NCGG)
(B) Central Institute of Good Governance (CIGG)
(C) Central Institute for Good Governance (CIGG)
(D) National Institute for Good Governance (NIGG) — (A)

7. ઈસ્ટર સન્ડે બ્લાસ્ટની ઘટના બાદ શ્રીલંકાની મુલાકાત લેનાર વિશ્વના પ્રથમ વિદેશી નેતાનું નામ શું છે ?
(A) શ્રી શિ ઝિનપિંગ (B) શ્રી ઈમરાન ખાન
(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રીમતી શેખ હસિના — (C)

8. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી વખત વડાપ્રધાન બન્યા બાદ તેમની સૌપ્રથમ વિદેશ યાત્રાનો પ્રારંભ માલદીવથી કર્યો હતો....માલદીવ બાદ બીજા નંબરે તેમણે કયા દેશની મુલાકાત લીધી હતી ?
(A) શ્રીલંકા (B) નેપાળ (C) ભૂટાન (D) બાંગ્લાદેશ — (A)

9. તાજેતરમાં ફ્રેન્ચ ઓપન 2019માં મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતીને 12મી વખત ફ્રેન્ચ ઓપનનું ટાઈટલ જીતનાર ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી નોવાક યોકોવિચ (C) શ્રી ડોમિનિક થિએમ (D) શ્રી રાફેલ નડાલ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. ફ્રેન્ચ ઓપન 2019માં વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતનાર મહિલા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી સ્લોઅન સ્ટીફન્સ (B) સુશ્રી લતિશા ચાન
(C) સુશ્રી કેટરિના સિનિકોવા (D) સુશ્રી એશ્લે બાર્ટી **(D)**

11. ફ્રેન્ચ ઓપન 2019માં મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતનાર શ્રી રાફેલ નડાલના દેશનું નામ શું છે ?
(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) ઓસ્ટ્રિયા (D) સ્પેન **(D)**

12. ફ્રેન્ચ ઓપન 2019માં વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતનાર સુશ્રી એશ્લે બાર્ટી કયા દેશના ખેલાડી છે ?
(A) ઓસ્ટ્રિયા (B) આર્જેન્ટિના (C) ઓસ્ટ્રેલિયા (D) રોમાનિયા **(C)**

13. ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ કઈ કોર્ટ પર રમાય છે ?
(A) હાર્ડ કોર્ટ (B) ગ્રાસ કોર્ટ (C) A અને B બંને (D) ક્લે કોર્ટ **(D)**

## 11 JUNE, 2019 TUESDAY

### ➤ 2007ના ટી-20 અને 2011ના વન ડે વર્લ્ડ કપના હીરો શ્રી યુવરાજ સિંહની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ

10 જૂન 2019ના રોજ ભારતના શ્રેષ્ઠ ઓલરાઉન્ડરો પૈકીના એક એવા શ્રી યુવરાજ સિંહે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પાસે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તથા IPLમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

- 12 ડિસેમ્બર 1981ના રોજ ચંદીગઢમાં તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર અને પંજાબી ફિલ્મ કલાકાર શ્રી યોગરાજ સિંહના પુત્ર છે.
- તેમને યુવી, સિક્સર કિંગ તથા મહારાજા ઓફ ઈન્ડિયન ક્રિકેટના હુલામણા નામે પણ ઓળખવામાં આવે છે.



## શ્રી યુવરાજ સિંહની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ

(1) તેમણે 3 ઓક્ટોબર, 2000ના રોજ કેન્યા સામે રમાયેલી વન-ડે ક્રિકેટથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

(2) તેમણે પ્રથમ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ 16 ઓક્ટોબર, 2003ના રોજ ન્યુઝીલેન્ડ સામે રમી હતી.

(3) જ્યારે ટી-20 ક્રિકેટમાં તેમણે પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ 13 સપ્ટેમ્બર 2007ના રોજ સ્કોટલેન્ડ સામે રમી હતી.

## શ્રી યુવરાજ સિંહની અંતિમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ

| ક્રમ | ફોર્મેટ | તારીખ | દેશ |
|---|---|---|---|
| 1 | વન–ડે | 30 જૂન, 2017 | વેસ્ટ ઈન્ડિઝ |
| 2 | ટેસ્ટ | 9 ડિસેમ્બર, 2012 | ઈંગ્લેન્ડ |
| 3 | ટી-20 | 1 ફેબ્રુઆરી, 2017 | ઈંગ્લેન્ડ |

## બે વર્લ્ડ કપમાં મેન ઓફ ધ ટુર્નામેન્ટ

(1) તેઓ વર્ષ 2000માં રમાયેલા અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપમાં મેન ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યા હતા.

(2) ત્યારબાદ 2011ના વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં પણ તેઓ મેન ઓફ ધ ટુર્નામેન્ટ બન્યા હતા. અને ભારતને વર્ષ 2011નો વર્લ્ડ કપ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા નીભાવી હતી.

## 2007માં 1 ઓવરમાં 6 સિક્સ

વર્ષ 2007માં ટી-20 વર્લ્ડ કપની ઈંગ્લેન્ડ સામેની એક મેચમાં તેમણે સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં 6 બોલમાં 6 સિક્સ ફટકારી હતી.

- આ મેચમાં તેમણે 12 બોલમાં અડધી સદી ફટકારી હતી. એ સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો.
- વર્ષ 2007નો ટી-20 વર્લ્ડ કપ ભારતને જીતાડવામાં પણ તેમની મહત્ત્વની ભૂમિકા હતી.

ICE FOR COMPETITIVE EXAMS



### કુલ 11778 રન

શ્રી યુવરાજ સિંહે કુલ 402 આંતરરાષ્ટ્રીય મેચમાં કુલ 11778 રન બનાવ્યા છે.

- જેમાં તેમણે 17 સદી અને 71 અડધી સદી ફટકારી છે.
- આ ઉપરાંત તેમણે 148 વિકેટ પણ ઝડપી છે.
- તેમના હાઈએસ્ટ રન 169 છે.

### આત્મકથા

શ્રી યુવરાજ સિંહની આત્મકથાનું નામ 'The Test of My Life : From Cricket to Cancer and Back' છે.

### શ્રી યુવરાજ સિંહને એનાયત થયેલા પુરસ્કારો

(1) અર્જુન એવોર્ડ-2012

(2) પદ્મ શ્રી-2014


(3) FICCI મોસ્ટ ઈન્સ્પાઈરિંગ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર એવોર્ડ-2014

(4) પાવર બ્રાન્ડ્સ તરફથી 'ભારતીય માનવતા વિકાસ પુરસ્કાર'-2018

નોંધ : (1) વર્ષ 2019માં IPLમાં શ્રી યુવરાજ સિંહ મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમ્યા હતા.

(2) IPLમાં તેઓ કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન પણ રહ્યા હતા.

## ➤ ભારતીય નાટ્યયુગમાં આધુનિકતા લાવનાર શ્રી ગિરીશ કર્નાડનું નિધન




ભારતના પ્રસિદ્ધ લેખક, નાટ્યકાર, અભિનેતા, એક્ટિવિસ્ટ અને ફિલ્મ દિગ્દર્શક શ્રી ગિરીશ કર્નાડનું 10 જૂન, 2019ના રોજ બેંગાલુરુ ખાતે 81 વર્ષની વયે નિધન થયું છે.

- તેમના આ નિધનથી કર્ણાટક રાજ્ય સરકાર દ્વારા 3 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો હતો.
- તેમનું પૂરું નામ શ્રી ગિરીશ રઘુનાથ કર્નાડ હતું.
- 19 મે 1938ના રોજ મહારાષ્ટ્રના માથેરાનમાં તેમનો જન્મ થયો હતો.
- ત્યારબાદ તેમનો પરિવાર કર્ણાટકના ધારવાડ ખાતે શિફ્ટ થયો હતો.

### લેખક તથા નાટ્યકાર

1961માં ઓક્સફોર્ડમાં રહીને તેમણે સૌપ્રથમ 'યયાતી' નામના નાટકની રચના કરી હતી.

- 1964માં લખાયેલું 'તુઘલક' નાટક તેમનું સૌથી સફળ નાટક હતું.
- ભારતીય નાટ્યગૃહમાં આધુનિકતા લાવવામાં શ્રી ગિરીશ કર્નાડનું મહત્ત્વનું પ્રદાન હતું.
- તેમની ત્રણ પ્રસિદ્ધ કૃતિઓમાં હયવદના (1971), નાગ મંડલા (1988), અને તલેડંડા (1990)નો સમાવેશ થાય છે.
- કન્નડ સાહિત્યમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ 1998માં તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો હતો.
- કન્નડ ભાષામાં લખાયેલા તેમના નાટકોનો અંગ્રેજી સહિત અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે.

## ફિલ્મ-અભિનેતા

1970માં કન્નડ ફિલ્મ સમસ્કારમાં તેમણે ફિલ્મોમાં અભિનેતા તરીકે પદાર્પણ કર્યું હતું.

- ત્યારબાદ 1971માં વમસા વિક્સા ફિલ્મથી તેઓ ફિલ્મ નિર્માતા બન્યા હતા.
- તેમણે અમૂલ ડેરી દ્વારા થયેલી દૂધ ક્રાંતિ પર મંથન નામે ફિલ્મ બનાવી હતી.
- 1986-87માં તેમણે શ્રી આર. કે. નારાયણની માલગુડી ડેઝ નામની પ્રસિદ્ધ ટીવી સિરિયલમાં સ્વામીના પિતાની ભૂમિકા નિભાવી હતી.
- 1990ના દાયકામાં દૂરદર્શન પર પ્રસિદ્ધ થયેલા 'સુરભિ' નામના કાર્યક્રમમાં તેઓ પ્રેઝન્ટર તરીકે આ શો કરતા હતા.
- 1999માં તેમણે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડો. અબ્દુલ કલામની આત્મકથા 'વિંગ્સ ઓફ ફાયર'ની ઓડિયો બુકમાં અવાજ આપ્યો હતો.
- થોડા સમય અગાઉ પ્રસિદ્ધ થયેલી શ્રી સલમાન ખાનની 'એક થા ટાઈગર' ફિલ્મમાં તેમણે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.
- આ ઉપરાંત ઈકબાલ, ટાઈગર ઝિંદા હૈ, ડોર, પુકાર, મંથન, ચાઈના ગેટ, નિશાંત વગેરે જેવી હિન્દી ફિલ્મોમાં પણ તેમણે કામ કર્યું છે.
- 1974માં પ્રસિદ્ધ થયેલી 'જાદુ કા શંખ' ફિલ્મથી તેમણે હિન્દી ફિલ્મોમાં કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- 1974-75 દરમિયાન તેમણે ભારતમાં પૂણે ખાતે આવેલી Film and Television Institute of India (FTII)ના ડિરેક્ટર પદે પણ તેમણે સેવા આપી હતી.

નોંધ : 'ટાઈગર ઝિંદા હૈ' શ્રી ગિરીશ કર્નાડની છેલ્લી ફિલ્મ હતી. જેમાં તેમણે રો ચીફ ડોક્ટર શેનોયનું પાત્ર ભજવ્યું હતું. બિમારીને કારણે નાકમાં નળી લગાવેલી સ્થિતિમાં તેમણે આ ફિલ્મમાં કામ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી ગિરીશ કર્નાડને એનાયત થયેલા મુખ્ય પુરસ્કારો

### સાહિત્ય માટે :

(1) સંગીત નાટક અકાદમી એવોર્ડ-1972

(2) પદ્મ શ્રી-1974

(3) પદ્મ ભૂષણ-1992

(4) કન્નડ સાહિત્ય પરિષત એવોર્ડ-1992

(5) સાહિત્ય અકાદમી એવોર્ડ-1994

(6) જ્ઞાનપીઠ એવોર્ડ-1998

(7) કાલિદાસ સમ્માન-1998

### ફિલ્મ માટે :

(1) 1971થી 1999 દરમિયાન તેમને 10 જેટલા નેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યા છે.

(2) 1972થી 1983 દરમિયાન તેમણે સાઉથના 4 ફિલ્મ ફેર એવોર્ડ તથા 1980થી 1982 દરમિયાન હિન્દીના 3 ફિલ્મ ફેર એવોર્ડ મળ્યા છે.

(3) આ ઉપરાંત તેમને કર્ણાટક રાજ્ય તરફથી 6 જેટલા ફિલ્મ એવોર્ડ એનાયત થયા છે.

**અન્ય એવોર્ડ :**

(1) તેમને થિયેટર માટે **ગુબી વીરાના એવોર્ડ** પણ એનાયત થયો છે.

(2) 2011માં લોસ એન્જેલસ ખાતે આવેલી **યુનિવર્સિટી ઓફ સાઉથર્ન કેલિફોર્નિયા** તરફથી તેમને **માનદ ડોક્ટરેટ**ની પદવી આપવામાં આવી હતી.

**નોંધ :** (1) 1988થી 1993 દરમિયાન તેઓ **સંગીત નાટક અકાદમી**ના ચેરમેન હતા.

(2) 1976થી 1978 દરમિયાન તેઓ **કર્ણાટક નાટક અકાદમીના અધ્યક્ષ** હતા.

## ➤ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સનો ગાંધીનગર ખાતેથી પ્રારંભ

9 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **ગાંધીનગર**ના **મહાત્મા મંદિર** ખાતેથી શિક્ષણ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરાવ્યો છે. જેમાં નીચેના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે :

(1) શાળા પ્રવેશોત્સવ 2.0નો પ્રારંભ

(2) ગુણોત્સવ 2.0નો પ્રારંભ

(3) શાળા તત્પરતા કાર્યક્રમનો પ્રારંભ

(4) કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્ઘાટન

### કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર

**ગાંધીનગર** સ્થિત અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા સમગ્ર ગુજરાતની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ, સમગ્ર શૈક્ષણિક સ્ટાફ તેમજ બીઆરસી અને સીઆરસી કોઓર્ડિનેટર્સની કામગીરીનું એક જ સ્થળેથી સીધું મોનિટરિંગ કરવામાં આવશે.

**નોંધ :** (1) ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ 2003-04થી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા **શાળા પ્રવેશોત્સવ અભિયાન**નો પ્રારંભ થયો હતો.

(2) જેના પ્રતિવર્ષ આયોજનને કારણે હાલ નામાંકન **99.40 ટકા** થયું છે. અને ડ્રોપ આઉટ રેશિયો પણ ઉત્તરોત્તર ઘટીને **1.4 ટકા** સુધી પહોંચ્યો છે. જે ઘટાડીને 0 ટકા સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






## ICE Questions

1. તાજેતરમાં શ્રી યુવરાજ સિંહે કઈ જગ્યાએ યોજાયેલી પત્રકાર પરિષદમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી ?
(A) નવી દિલ્હી (B) અમૃતસર (C) મુંબઈ (D) ચંદીગઢ **(C)**

2. શ્રી યુવરાજ સિંહનો જન્મ કયાં થયો હતો ?
(A) અમૃતસર (B) લુધિયાણા (C) ચંદીગઢ (D) જાલંધર **(C)**

3. શ્રી યુવરાજ સિંહે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો અથવા તો આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કયા દેશ સામે કર્યો હતો ?
(A) કેન્યા (B) ન્યુઝીલેન્ડ (C) સ્કોટલેન્ડ (D) ઈંગ્લેન્ડ **(A)**

4. શ્રી યુવરાજ સિંહે કુલ 402 આંતરરાષ્ટ્રીય મેચમાં કુલ કેટલા રન કર્યા છે ?
(A) 10778 (B) 11778 (C) 12778 (D) 13778 **(B)**

5. શ્રી યુવરાજ સિંહના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. વર્ષ 2000ના અંડર-19 વર્લ્ડ કપમાં તેઓ મેન ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યા હતા.
2. વર્ષ 2010ના વન ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં પણ તેઓ મેન ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યા હતા.
3. વર્ષ 2007માં ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં તેમણે ઈંગ્લેન્ડના શ્રી સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં 6 બોલમાં 6 સિક્સ ફટકારી હતી.
4. તેમણે કુલ 17 સદી અને 71 અડધી સદી ફટકારી છે.
Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 4 **(D)**

6. શ્રી યુવરાજ સિંહને નીચેનામાંથી કયા પુરસ્કાર એનાયત થયા છે ?
1. અર્જુન એવોર્ડ
2. રાજીવ ગાંધી ખેલરત્ન
3. પદ્મ શ્રી
4. પદ્મ ભૂષણ
Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 3 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. શ્રી ગિરીશ કર્નાડનું તાજેતરમાં નિધન થયું છે....તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) માથેરાન, મહારાષ્ટ્ર (B) ધારવાડ, કર્ણાટક (C) જયપુર, રાજસ્થાન (D) બેંગાલુરુ, કર્ણાટક **(A)**

8. શ્રી ગિરીશ કર્નાડના નિધનને કારણે ભારતના કયા રાજ્યમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો હતો ?
(A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક (C) મધ્યપ્રદેશ (D) બિહાર **(B)**

9. શ્રી ગિરીશ કર્નાડનું તાજેતરમાં નિધન થયું છે....તેમનું પૂરું નામ શું છે ?
(A) શ્રી ગિરીશ દિનાનાથ કર્નાડ (B) શ્રી ગિરીશ રઘુનાથ કર્નાડ
(C) શ્રી ગિરીશ રંગરાજન કર્નાડ (D) શ્રી ગિરીશ પ્રભુનાથ કર્નાડ **(B)**

10. શ્રી ગિરીશ કર્નાડનું તાજેતરમાં નિધન થયું છે....તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા ન હતા ?
(A) સાહિત્ય (B) ફિલ્મ (C) ફોટોગ્રાફી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

**11.** કઈ ભાષામાં લખાયેલા શ્રી ગિરીશ કર્નાડના નાટકોનો અંગ્રેજી સહિત અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે ?
(A) હિન્દી (B) મરાઠી (C) કન્નડ (D) મલિયાલમ **(C)**

**12.** શ્રી ગિરીશ કર્નાડને નીચેનામાંથી કયો પુરસ્કાર એનાયત થયો ન હતો ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ
(C) પદ્મ વિભૂષણ (D) ઉપરોક્ત ત્રણેય એનાયત થયા હતા. **(C)**

**13.** 9 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શાળા પ્રવેશોત્સવ 2.0, ગુણોત્સવ 2.0, શાળા તત્પરતા કાર્યક્રમ તથા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો ક્યાંથી ડિજિટલ પ્રારંભ કરાવ્યો હતો ?
(A) મહાત્મા મંદિર, ગાંધીનગર (B) નવા સચિવાલય, ગાંધીનગર
(C) યુનિવર્સિટી કન્વેન્શન હોલ, અમદાવાદ (D) ટાઉન હોલ, અમદાવાદ **(A)**

**14.** ગુજરાતમાં કઈ જગ્યાએ શરૂ થયેલા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરથી ગુજરાતની શાળાઓનું મોનિટરિંગ કરવામાં આવશે ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) સુરત (D) ઉપરોક્ત ત્રણેય **(A)**

## 12 JUNE, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન ()

સમગ્ર વિશ્વમાં <u>બાળમજૂરી</u>ના વિરોધમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે <u>12 જૂન</u>ના રોજ <u>'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- **<u>આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization)</u>** દ્વારા 12 જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ <u>12 જૂન, 2002</u>થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- <u>વર્ષ 2018</u>ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ <u>'Generation safe & Healthy'</u> હતી.
- જ્યારે વર્ષ <u>2019</u>ની <u>'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'</u>ની થીમ <u>'Children Shouldn't Work in Fields, but on dreams !'</u> છે.



**નોંધ :** (1) ભારતીય બંધારણના **અનુચ્છેદ 24** અંતર્ગત **બાળમજૂરી પર પ્રતિબંધ**ની જોગવાઈ છે.
(2) ભારતમાં **14 વર્ષથી** નીચેના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને **14 વર્ષથી મોટા અને 18 વર્ષથી નાના** તરુણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે.
(3) જેમાં કામે રાખનાર માલિકની તત્કાલ ધરપકડ કરી ગુન્હા બદલ **રૂા. 20,000 થી રૂા. 50,000 સુધીનો દંડ અથવા 6 માસથી 2 વર્ષ સુધીની જેલ અથવા બંને સજા** થઈ શકે છે.

### વિશ્વ બાળ મજૂરી વિરોધી દિનની ગુજરાતમાં ઉજવણી

12 જૂન 2019ના રોજ ગુજરાતમાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગની શ્રમ આયુક્તની કચેરી દ્વારા **ગાંધીનગર**ના **મહાત્મા મંદિર** ખાતે 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન-2019'ની ઉજવણી કરવામાં આવી હતી.

## ➤ સિંહોના સંવર્ધન સંરક્ષણ માટેના 'ગીર હાઈટેક મોનિટરિંગ સેન્ટર'નું સાસણગીરમાં લોકાર્પણ

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **જૂનાગઢ** જિલ્લાના **સાસણગીર** ખાતે **'ગીર હાઈટેક મોનિટરિંગ સેન્ટર'**નું લોકાર્પણ કર્યું છે.

- ગુજરાતમાં **સિંહોના સંરક્ષણ સંવર્ધન માટે** અત્યાર સુધીની સૌથી ઉચ્ચ અને વર્લ્ડ ક્લાસ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ મોનિટરિંગ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### ગીર હાઈટેક મોનિટરિંગ સેન્ટરની વિશેષતા

(1) ગીર અને આસપાસના જંગલ વિસ્તારમાં નિરીક્ષણ હેઠળ મૂકેલા તમામ સિંહોનું આ એક જ સ્થળેથી મોનિટરિંગ થશે.
(2) ગીરમાં સિંહ દર્શન માટે જતી તમામ જીપ્સીને GPS સિસ્ટમથી સજ્જ કરી તેનું મોનિટરિંગ પણ આ સેન્ટર ખાતેથી જ થશે.
(3) આ સેન્ટરના માધ્યમથી ગીરમાં પ્રવેશતા લોકોની ગતિવિધિ પણ જાણી શકાશે.
(4) આ સેન્ટરના મોનિટરિંગ તેમજ અન્ય જરૂરી કામગીરી માટે **'ગીર વાયરલેસ સર્વેલન્સ સેલ'**ની પણ રચના કરવામાં આવી છે.
(5) આ ઉપરાંત આ સેન્ટરના માધ્યમથી એક જ સ્થળેથી તમામ પ્રવૃત્તિઓનું મોનિટરિંગ થઈ શકે તે માટે **'ફોરેસ્ટ વ્હિકલ સર્વેલન્સ સિસ્ટમ'**, **'રેડિયો ટેલીમેટરી મોનિટરિંગ સેલ'**, **'ચેકપોસ્ટ સર્વેલન્સ સિસ્ટમ'** તથા **'ડિજિટલ વાયલેસ સર્વેલન્સ સિસ્ટમ'**ની સુવિધા પણ કરવામાં આવી છે.

**નોંધ :** ગુજરાતમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા **રૂ. 350 કરોડ**નું પેકેજ તૈયાર કરવામાં આવ્યું છે.

### લાયન એમ્બ્યુલન્સ

ગીર હાઈટેક મોનિટરિંગ સેન્ટરના લોકાર્પણ ઉપરાંત મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **જૂનાગઢ** જિલ્લાના **સાસણગીર** ખાતે **'લાયન એમ્બ્યુલન્સ'**નો પણ લીલી ઝંડી બતાવીને પ્રારંભ કરાવ્યો હતો.

- અદ્યતન સુવિધા સાથેની આ એમ્બ્યુલન્સ સિંહોની સારવાર માટે ખૂબ જ ઉપયોગી થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ

આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ**નો પણ પ્રારંભ કરાવ્યો હતો.

- આ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના આશરે 30 જેટલા સિંહ **કર્ણાટક**, **આંધ્રપ્રદેશ**, **ઉત્તરપ્રદેશ** સહિતના રાજ્યોને આપવામાં આવશે.
- અને તેના બદલામાં આશરે **142થી વધુ દુર્લભ વન્યપ્રાણીઓ**ને ગુજરાતના **સક્કરબાગ ઝૂ** તેમજ અન્ય ઝૂમાં લાવવામાં આવશે.

**નોંધ :** ગુજરાત સરકાર દ્વારા વન વિભાગના કર્મચારીઓને **1000** જેટલા **ટેબ્લેટ** આપવાનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## ➤ મધ્યપ્રદેશના ભાજપના સાંસદ ડો. વીરેન્દ્રકુમારની પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક



**મધ્યપ્રદેશ**ની **ટિકમગઢ** લોકસભા બેઠકના ભાજપના સાંસદ **ડો. વીરેન્દ્રકુમાર**ની **17મી લોકસભા**ના **પ્રોટેમ સ્પીકર** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ સતત **11મી લોકસભા**થી લોકસભાના સાંસદ છે. તેઓ તાજેતરમાં લોકસભાના સાંસદ તરીકે સતત **સાતમી વખત** ચૂંટાયા છે.
- તેઓ 17મી લોકસભાના ચૂંટાયેલા સંસદ સભ્યોને શપથ અપાવશે.

ICE INSTITUTE FOR COMPET

### પ્રોટેમ સ્પીકર (કાર્યકારી અધ્યક્ષ) અંગે બંધારણીય જોગવાઈ

#### પ્રોટેમ સ્પીકરની નિમણૂક

ભારતમાં **રાષ્ટ્રપતિ** દ્વારા પ્રોટેમ સ્પીકરની નિમણૂક કરવામાં આવે છે.

- સામાન્ય રીતે લોકસભાના **સૌથી વરિષ્ઠ સભ્ય**ની આ પદ માટે પસંદગી કરવામાં આવે છે.

#### પ્રોટેમ સ્પીકરને શપથ

ભારતમાં લોકસભાના **પ્રોટેમ સ્પીકર**ને પ્રોટેમ સ્પીકર તરીકેના શપથ **રાષ્ટ્રપતિ** અપાવે છે.

- જ્યારે લોકસભાના **સ્પીકર**ને લોકસભાના સ્પીકર તરીકેના **શપથ લેવાના હોતા નથી**.

#### પ્રોટેમ સ્પીકરના કાર્યો

ભારતમાં પ્રોટેમ સ્પીકરને લોકસભાના સ્પીકર જેવી જ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

- તેઓ નવી લોકસભાની **પ્રથમ બેઠક**માં લોકસભાના અધ્યક્ષ હોય છે.
- પ્રોટેમ સ્પીકરનું મુખ્ય કાર્ય **નવી લોકસભા**ના **ચૂંટાયેલા સભ્યોને શપથ અપાવવાનું** છે.
- તેઓ લોકસભાના નવા સ્પીકરની ચૂંટણીમાં મદદ કરે છે.

## પ્રોટેમ સ્પીકરની મુદત

**'પ્રોટેમ'** એ લેટિન ભાષાનો શબ્દ છે. અને તે **'પ્રો ટૈમ્પોર'**નું સંક્ષિપ્ત રૂપ છે.

- જેનો અર્થ થાય છે **'થોડા સમય માટે'**.
- આમ, પ્રોટેમ સ્પીકરની મુદત નામ પ્રમાણે જ **અલ્પકાલિક** હોય છે.
- **જ્યારે લોકસભાના નવા સ્પીકરની નિમણૂક થાય છે ત્યારે** પ્રોટેમ સ્પીકરનું પદ આપો આપ જ સમાપ્ત થઈ જાય છે.
- આથી, જયાં સુધી લોકસભાના સ્થાયી સ્પીકરની ચૂંટણી ન થાય ત્યાં સુધી તેઓ કાર્યરત રહે છે.

## ICE ? Questions

1. 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે કયા દિવસની ઉજવણી થાય છે ?
(A) 12 જુલાઈ (B) 21 જુલાઈ (C) 21 જૂન (D) 12 જૂન — (D)

2. 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો હતો ?
(A) 2000 (B) 2004 (C) 2003 (D) 2002 — (D)

3. વર્ષ 2019ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ શું છે ?
(A) Protect Children from child labour
(B) End child labour in supply chains
(C) Children Shouldn't work in fields, but on dreams !
(D) Generation Safe & Healthy — (C)

4. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત બાળમજૂરી પર પ્રતિબંધની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 14 (B) અનુચ્છેદ 12 (C) અનુચ્છેદ 22 (D) અનુચ્છેદ 24 — (D)

5. ભારતમાં કેટલા વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર પ્રતિબંધ છે ?
(A) 16 વર્ષ (B) 18 વર્ષ (C) 15 વર્ષ (D) 14 વર્ષ — (D)

6. ભારતમાં કેટલી ઉંમરના તરુણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે ?
(A) 12 થી 16 વર્ષ (B) 14 થી 16 વર્ષ (C) 14 થી 17 વર્ષ (D) 14 થી 18 વર્ષ — (D)

7. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે કયા હાઈટેક સેન્ટરનું લોકાર્પણ કર્યું છે ?
(A) લાયન હાઈટેક મોનિટરિંગ સેન્ટર (B) સોરઠ હાઈટેક મોનિટરિંગ સેન્ટર
(C) ગીર હાઈટેક મોનિટરિંગ સેન્ટર (D) જૂનાગઢ હાઈટેક મોનિટરિંગ સેન્ટર — (C)

8. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કઈ જગ્યાએ ગીર હાઈટેક મોનિટરિંગ સેન્ટરનું લોકાર્પણ કર્યું છે ?
(A) ગીર સોમનાથ (B) જૂનાગઢ (C) સાસણગીર (D) ગાંધીનગર — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. ગુજરાતમાં સિંહોના સંરક્ષણ સંવર્ધન માટે ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનું પેકેજ તૈયાર કરવામાં આવ્યું છે ?
(A) રૂ. 150 કરોડ (B) રૂ. 250 કરોડ (C) રૂ. 350 કરોડ (D) રૂ. 400 કરોડ **(C)**

10. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કયાંથી લીલી ઝંડી બતાવીને લાયન એમ્બ્યુલન્સનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) દલખાણિયા (B) ધારી (C) સાસણગીર (D) જૂનાગઢ **(C)**

11. તાજેતરમાં ભારતની 17મી લોકસભાના કાર્યકારી અધ્યક્ષ અથવા તો પ્રોટેમ સ્પીકર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) ડો. વીરેન્દ્ર કુમાર (B) ડો. ધર્મેન્દ્ર પ્રધાન (C) ડો. નરેન્દ્ર કુમાર (D) ડો. જીતેન્દ્ર કુમાર **(A)**

12. ભારતની 17મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે તાજેતરમાં ડો. વીરેન્દ્ર કુમારની નિમણૂક કરવામાં આવી છે..... તેઓ કઈ લોકસભા બેઠક પરથી સાંસદ છે ?
(A) સાગર, મધ્યપ્રદેશ (B) ભોપાલ, મધ્યપ્રદેશ
(C) મંદસૌર, મધ્યપ્રદેશ (D) ટિકમગઢ, મધ્યપ્રદેશ **(D)**

13. ડો. વીરેન્દ્ર કુમારની તાજેતરમાં લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક કરવામાં આવી છે... તેઓ સતત કેટલામી લોકસભાથી લોકસભાના સાંસદ છે ?
(A) 9મી (B) 10મી (C) 11મી (D) 13મી **(C)**

14. પ્રોટેમ સ્પીકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે અને તેમને શપથ પણ રાષ્ટ્રપતિ જ અપાવે છે.
2. તેઓ નવી લોકસભાની પ્રથમ બેઠકમાં લોકસભાના અધ્યક્ષ હોય છે.
3. નવી લોકસભાની પ્રથમ બેઠકમાં તેઓ ચૂંટાયેલા મંત્રીઓને શપથ અપાવે છે.
4. ભારતમાં પ્રોટેમ સ્પીકરને લોકસભાના અધ્યક્ષ જેવી જ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

**Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 4** **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 13 JUNE, 2019 THURSDAY

### ➤ GLOBAL PEACE INDEX 2019

ઓસ્ટ્રેલિયા સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ (IEP) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ 2019માં કુલ 163 દેશોમાં ભારત 141મા ક્રમે છે.

- જ્યારે આ ઈન્ડેક્ષમાં વર્ષ 2018માં ભારત 136મા અને વર્ષ 2017માં 137મા ક્રમે હતું.
- આ યાદીમાં આઈસલેન્ડ પ્રથમ ક્રમે છે. જે વર્ષ 2008થી આ ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમે છે.
- આ ઈન્ડેક્ષમાં આઈસલેન્ડ બાદ ન્યુઝીલેન્ડ બીજા અને પોર્ટુગલ ત્રીજા ક્રમે છે.
- જ્યારે અફઘાનિસ્તાન અંતિમ 163મા ક્રમે છે.

- આ ઈન્ડેક્ષમાં દક્ષિણ એશિયામાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન ભૂટાનનું છે.
- ભૂટાન આ ઈન્ડેક્ષમાં 15મા ક્રમે છે.
- જ્યારે શ્રીલંકા 72મા, નેપાળ 76મા, બાંગ્લાદેશ 101મા અને પાકિસ્તાન 153મા ક્રમે છે.
- આ ઈન્ડેક્ષમાં દક્ષિણ એશિયામાં ભારત કરતા ઓછો રેન્ક ધરાવતા ફક્ત બે જ દેશો પાકિસ્તાન (153) અને અફઘાનિસ્તાન (163) છે.

**ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ 2019 રેન્કીંગ**

| ક્રમ | દેશ | ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|---|---|
| 1 | આઈસલેન્ડ | 72 | શ્રીલંકા | 141 | ભારત |
| 2 | ન્યુઝીલેન્ડ | 76 | નેપાળ | 153 | પાકિસ્તાન |
| 3 | પોર્ટુગલ | 101 | બાંગ્લાદેશ | 154 | રશિયા |
| 4 | ઓસ્ટ્રિયા | 110 | ચીન | 161 | દક્ષિણ સુદાન |
| 5 | ડેન્માર્ક | 125 | મ્યાનમાર | 162 | સીરિયા |
| 15 | ભૂટાન | 128 | અમેરિકા | 163 | અફઘાનિસ્તાન |

**નોંધ :** (1) આ ઈન્ડેક્ષમાં જુદા જુદા 23 માપદંડોને આધારે વિવિધ દેશોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
(2) આ રિપોર્ટમાં વિશ્વની 99.7 ટકા વસતીનો સમાવેશ થાય છે.
(3) આ ઈન્ડેક્ષમાં આ અગાઉ સીરિયા સતત પાંચ વર્ષથી અંતિમ 163મા ક્રમે હતું.
(4) જોકે, વર્ષ 2019માં સીરિયા 162મા ક્રમે છે. જ્યારે અફઘાનિસ્તાન અંતિમ 163મા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ઓસ્ટ્રેલિયાની કઈ સંસ્થા દ્વારા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ પ્રસિદ્ધ કરવામાં આવે છે ?
(A) SIP (B) IEP (C) ESP (D) ICD **(B)**

2. ઓસ્ટ્રેલિયા સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ (IEP) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ-2019માં કુલ 163 દેશોમાં ભારતનો ક્રમ કયો છે ?
(A) 146 (B) 147 (C) 137 (D) 141 **(D)**

3. IEP દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ-2018માં ભારતનો ક્રમ કયો હતો ?
(A) 146 (B) 147 (C) 136 (D) 137 **(C)**

4. IEP દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ-2019માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) આયર્લેન્ડ (B) સ્વીડન (C) ફિનલેન્ડ (D) આઈસલેન્ડ **(D)**

5. IEP દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ-2019માં અંતિમ 163મા ક્રમે કયો દેશ છે ?
(A) સોમાલિયા (B) દક્ષિણ સુદાન (C) અફઘાનિસ્તાન (D) સીરિયા **(C)**

**14 JUNE, 2019 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ (અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 14 જૂનના રોજ **'વિશ્વ રક્તદાન દિવસ'** અથવા તો **'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2004થી થયો હતો.
- સલામત રક્ત અને રક્ત ઉત્પાદનો અંગે જાગૃતિ લાવવા માટે તથા સ્વૈચ્છિક રીતે રક્તદાન કરનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને તેમને આ કાર્ય માટે પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 'વિશ્વ રક્તદાન દિવસ' **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેન (WHO)** દ્વારા ચલાવવામાં આવતા **આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનો**માંનું એક છે.
- આ આઠ અભિયાનોમાં વિશ્વ રક્તદાન દિવસ ઉપરાંત વિશ્વ તમાકુ વિરોધ દિન, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક, વિશ્વ મલેરિયા દિવસ, વર્લ્ડ હેપેટાઈટિસ ડે, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ ક્ષય રોગ દિવસનો સમાવેશ થાય છે.
- વર્ષ 2018ની વિશ્વ રક્તદાન દિવસની થીમ 'Be there for someone else. Give blood. Share life' હતી.
- જ્યારે વર્ષ 2019ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ 'Safe blood for all' છે.
- વર્ષ 2019ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ **રવાન્ડા** છે.

**નોંધ :** (1) પ્રસિદ્ધ વૈજ્ઞાનિક **શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર**ની યાદમાં તેમની જન્મ તારીખ 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મ 14 જૂન, 1868ના રોજ થયો હતો.

(3) તેમણે ઈ.સ. **1901માં A, B અને O બ્લડ ગ્રુપ**ની શોધ કરી હતી. અને તેમની આ શોધ માટે તેમને **1930માં નોબેલ પુરસ્કાર** એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર 2019

**સાહિત્ય અકાદમી દિલ્હી** દ્વારા તાજેતરમાં જુદી જુદી ભાષાના ભારતના 22 લેખકોની **'બાળ સાહિત્ય પુરસ્કાર 2019'** માટે પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાતી ભાષાના **'બાળ સાહિત્ય પુરસ્કાર 2019'** માટે **શ્રી કુમારપાળ દેસાઈ**ની પસંદગી કરવામાં આવી છે.
- શ્રી કુમારપાળ દેસાઈને બાળ સાહિત્યમાં તેમના **સમગ્ર પ્રદાન** બદલ આ પુરસ્કાર એનાયત થયો છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## શ્રી કુમારપાળ દેસાઈ

શ્રી કુમારપાળ દેસાઈ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ **લેખક, વિવેચક, કટારલેખક અને અનુવાદક** છે.

- તેમનો જન્મ **બોટાદ** જિલ્લાના **રાણપુર**માં થયો હતો.
- જ્યારે તેમનું વતન **સાયલા** છે.
- તેમના પિતા **શ્રી બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ'** તરીકે જાણીતા ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ લેખક હતા.

## શ્રી કુમારપાળ દેસાઈનું સર્જન

શ્રી કુમારપાળ દેસાઈએ ચરિત્ર, વિવેચન, સંશોધન, ચિંતન, બાળસાહિત્ય, અનુવાદ, પ્રૌઢ સાહિત્ય, નવલિકા અને ધર્મદર્શન વિશે **100થી વધુ ગ્રંથો** લખ્યા છે.

- **કેટલીક પ્રસિદ્ધ કૃતિઓ :**
  **નાની ઉંમર મોટું કામ (1978) અપંગના ઓજસ, એકાંતે કોલાહલ, લાલ ગુલાબ, મહામાનવ શાસ્ત્રી**
- **બાળ સાહિત્ય :**
  **વતન, તારા રતન (1965)**, ડાહ્યો ડમરો, કેડે કટારી ખભે ઢાલ, **બિરાદરી**, **મોતને હાથતાળી**, **ઝબક દીવડી**, **હૈયું નાનું હિંમત મોટી**, પરાક્રમી રામ, રામ વનવાસ, સીતાહરણ, વીરહનુમાન, ભીમ, ચાલો પશુઓની દુનિયામાં 1-2-3, વહેતી વાતો, મોતીની માળા, વાતોના વાળુ, ઢોલ વાગે ઢમાઢમ, સાચના સિપાહી, કથરોટમાં ગંગા
- શ્રી કુમારપાળ દેસાઈનું **'નાની ઉંમર મોટું કામ'** પુસ્તક પ્રગટ થયું ત્યારે સમગ્ર દેશની તમામ ભાષાઓમાં એ વર્ષનું **બાળસાહિત્યનું શ્રેષ્ઠ પુસ્તક** ગણાયું હતું.
- **'અપંગના ઓજસ'** એ **ત્રણ ભાષામાં લખાયેલું** તેમનું પ્રસિદ્ધ પુસ્તક છે. આ પુસ્તક **ગુજરાતી**માં **'અપંગના ઓજસ'**, હિન્દીમાં **'अपाहिज तन, अडिग मन'** અને **અંગ્રેજી**માં **'The Brave Hearts'** નામથી તેમણે લખ્યું છે. અંધજનો માટે આ પુસ્તકનું **બ્રેઈલ લિપિ**માં પણ રૂપાંતર થયું છે.
- **'એકાંતે કોલાહલ'** તેમનો પ્રસિદ્ધ વાર્તા (નવલિકા) સંગ્રહ છે.
- **'લાલ ગુલાબ'** અને **'મહામાનવ શાસ્ત્રી'**એ **શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** વિશે લખાયેલા તેમના પ્રસિદ્ધ પુસ્તક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કટાર લેખન

શ્રી કુમારપાળ દેસાઈ ગુજરાતના પ્રસિદ્ધ કટાર લેખક છે.

- તેઓ **ગુજરાત સમાચાર**માં **'ઈંટ અને ઈમારત'**, **'ઝાકળ બન્યું મોતી'**, **'પારિજાતનો પરિસંવાદ'**, **'આકાશની ઓળખ'** વગેરે જેવી અનેક કોલમો નિયમિત લખે છે.
- જેમાં તેમના પિતા શ્રી **'જયભિખ્ખુ'** દ્વારા **1952**માં શરૂ કરવામાં આવેલી કોલમ **'ઈંટ અને ઈમારત'** શ્રી કુમારપાળ દેસાઈ આજે પણ લખી રહ્યા છે.
- પિતા પુત્ર દ્વારા અડધી સદીથી પણ વધુ સમય નિયમિત રીતે એક કોલમ લખાઈ હોય તેવી ગુજરાતી પત્રકારત્વક્ષેત્રની આ વીરલ ઘટના છે.
- 'ગુજરાત સમાચાર' ઉપરાંત **'ગુજરાત ટાઈમ્સ'**માં પણ તેઓ **'પાંદડુ અને પિરામિડ'** નામની કોલમ નિયમિત લખે છે.


icerajkot LIKE - COMMENT - SHARE

## કેટલાક મુખ્ય એવોર્ડ

(1) ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક-2001
(2) પદ્મ શ્રી-2004
(3) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક-2005
(4) સાહિત્ય ગૌરવ પુરસ્કાર-2009
(5) રણજીતરામ સુવર્ણચંદ્રક-2015
(6) સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર-2019

**નોંધ :** (1) શ્રી કુમારપાળ દેસાઈએ માત્ર અગિયાર વર્ષની વયે 'ઝગમગ' નામના બાલસાપ્તાહિકમાં એક ક્રાંતિવીરની કથાથી લખાણનો પ્રારંભ કર્યો હતો.

(2) તેમના પિતાની ઓળખાણથી તેમનું લખાણ ન છપાય એ માટે તેમણે પોતાનું પ્રથમ લખાણ 'કુ. બા. દેસાઈ'ના નામથી સમાચારપત્રના તંત્રીને મોકલ્યું હતું.

(3) તેમનું પ્રથમ પુસ્તક 'વતન, તારાં રતન' તેમના કોલેજના અભ્યાસકાળ દરમિયાન પ્રગટ થયું હતું.

(4) ડો. કુમારપાળ દેસાઈ સાહિત્ય, પત્રકારત્વ અને જૈનદર્શનમાં પીએચ.ડી.ના ગાઈડ તરીકે માન્યતા ધરાવે છે.

(5) તેમણે વિશ્વના અનેક દેશોમાં ગુજરાતી સાહિત્ય તથા જૈનદર્શન વિશે પ્રવચનો કર્યા છે.

(6) રમતગમતક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે. જેમાં 'ભારતીય ક્રિકેટ' અને 'ક્રિકેટના વિશ્વવિક્રમો' તેમજ 'ક્રિકેટ રમતાં શીખો' ભાગ 1-2 તેમના પ્રસિદ્ધ પુસ્તકો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2019

સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તાજેતરમાં 'બાળ સાહિત્ય પુરસ્કાર 2019' ઉપરાંત 'યુવા પુરસ્કાર 2019' વિજેતા યુવા લેખકોની પણ જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત ભારતની વિવિધ ભાષાઓના 23 લેખકોની 'યુવા પુરસ્કાર 2019' માટે પસંદગી કરવામાં આવી છે.
- જેમાં ગુજરાતી ભાષાના 'યુવા પુરસ્કાર 2019' માટે શ્રી અજય સોનીની પસંદગી કરવામાં આવી છે.
- શ્રી અજય સોનીને તેમના નવલિકા સંગ્રહ 'રેતીનો માણસ' માટે આ પુરસ્કાર એનાયત થયો છે.
- 'રેતીનો માણસ' નવલિકા સંગ્રહમાં શ્રી અજય સોનીની 18 સંવેદનાસભર ટૂંકીવાર્તાઓનો સમાવેશ થયો છે.

## શ્રી અજય સોની

શ્રી અજય સોની ગુજરાતના પ્રસિદ્ધ યુવા વાર્તાકાર છે.

- 21 નવેમ્બર 1991ના રોજ જન્મેલા શ્રી અજય સોની કચ્છના અંજારના વતની છે.
- તેઓ વ્યવસાયે સોની છે.
- 'રેતીનો માણસ' એ તેમનો પ્રથમ નવલિકા સંગ્રહ (અથવા તો ટૂંકીવાર્તાઓનો સંગ્રહ) છે.
- તેમની કેટલીક પ્રસિદ્ધ વાર્તાઓમાં 'વાછંટ', 'ગળામાં અટવાયેલી તરસ', 'હું કબીર અને મીરા', 'અગ્નિકંઠા', 'રેતીનો માણસ', 'ક્લોક ટાવર', 'ચામાચીડિયાં' વગેરેનો સમાવેશ થાય છે.

## બાળ સાહિત્ય અને યુવા પુરસ્કાર અંતર્ગત રોકડ પુરસ્કાર

સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર અને સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર વિજેતા સાહિત્યકારોને પુરસ્કાર રૂપે એક પ્રશસ્તિ પત્ર અને રૂ. 50,000નો ચેક આપવામાં આવે છે.

**નોંધ :** સાહિત્ય અકાદમી દ્વારા 35 વર્ષ અથવા તો તેનાથી ઓછી ઉંમરના ભારતીય લેખકોને 'યુવા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે.

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે. સાહિત્ય અકાદમીને **'નેશનલ એકેડમી ઓફ લેટર્સ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા **રવિન્દ્ર ભવન, નવી દિલ્હી** ખાતે આવેલી છે.
- નવી દિલ્હીના **રવિન્દ્ર ભવન** ખાતે **સાહિત્ય અકાદમી** ઉપરાંત **સંગીત નાટક અકાદમી** અને **લલિત કલા અકાદમી** પણ આવેલી છે.
- સાહિત્ય અકાદમીનો ઉદ્દેશ ઉચ્ચ સાહિત્યિક માપદંડ સ્થાપિત કરવાનો તથા ભારતીય ભાષાઓ અને ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓનું પોષણ અને સમન્વય કરવાનો છે.
- ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત **અંગ્રેજી** અને **રાજસ્થાની** ભાષા સહિત કુલ **24 ભાષાઓને** સાહિત્ય અકાદમી દ્વારા માન્યતા આપવામાં આવી છે.
- સાહિત્ય અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત આ **24 ભાષાઓ** માટે સાહિત્ય અકાદમી દ્વારા વિવિધ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) સાહિત્ય અકાદમીના વર્તમાન (14 જૂન, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ ડો. ચંદ્રશેખર કંબાર છે.
(2) આ અગાઉ વર્ષ 2018માં નીચેના સાહિત્યકારોને વર્ષ 2018 માટેના સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયા હતા :

## ગુજરાતી ભાષા માટેના સાહિત્ય અકાદમી પુરસ્કાર-2018

| ક્રમ | પુરસ્કારનું નામ | વિજેતા | કયા પુસ્તક માટે ? |
|---|---|---|---|
| 1 | સાહિત્ય અકાદમી પુરસ્કાર | સુશ્રી શરિફા વીજળીવાળા | વિભાજનની વ્યથા(નિબંધ) |
| 2 | સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર | શ્રી ચંદ્રકાન્ત શેઠ | (સમગ્ર પ્રદાન બદલ) |
| 3 | સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર | સુશ્રી એષા દાદાવાળા | જન્મારો (કાવ્યસંગ્રહ) |

## ICE Questions

1. સમગ્ર વિશ્વમાં કયો દિવસ 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 10 જુલાઈ (B) 24 જૂન (C) 14 જુલાઈ (D) 14 જૂન **(D)**

2. વર્ષ 2019ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ શું છે ?

(A) Give Blood. Give Now. Give Often. (B) Safe blood for all.

(C) Safe blood for saving mothers

(D) Be there for someone else. Give blood. Share life. **(B)**

3. કયા પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો જન્મદિન 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે ઓળખાય છે ?

(A) શ્રી ટિમોથી બર્નર્સ લી (B) શ્રી એલન ગુથ (C) શ્રી જેમ્સ વોટ્સન (D) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર **(D)**

4. A, B અને O બ્લડ ગ્રુપના શોધકનું નામ શું છે ?

(A) શ્રી ટિમોથી ચાર્લ્સ લી (B) શ્રી કાર્લ મેકમાસ્ટર (C) શ્રી એલન હ્યુજ (D) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર **(D)**

5. ગુજરાતી ભાષા માટેના 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર 2019' માટે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) સુશ્રી એષા દાદાવાળા (B) શ્રી અજય સોની (C) શ્રી ચંદ્રકાન્ત શેઠ (D) શ્રી કુમારપાળ દેસાઈ **(D)**

6. ગુજરાતી ભાષા માટેના 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2019' માટે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) સુશ્રી એષા દાદાવાળા (B) શ્રી અજય સોની (C) શ્રી ચંદ્રકાન્ત શેઠ (D) શ્રી કુમારપાળ દેસાઈ **(B)**

7. શ્રી અજય સોનીને તાજેતરમાં કઈ કૃતિ માટે વર્ષ 2019નો સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર એનાયત થયો છે ?

(A) રેતીનો માણસ (નવલિકા સંગ્રહ) (B) હું કબીર અને મીરા (નવલિકા સંગ્રહ)

(C) અગ્નિકુંઠા (નવલિકા સંગ્રહ) (D) વાઇંટ (નવલિકા સંગ્રહ) **(A)**

8. સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા વધુમાં વધુ કેટલી ઉંમર સુધીના ભારતીય લેખકોની દર વર્ષે સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવે છે ?

(A) 20 વર્ષ (B) 25 વર્ષ (C) 30 વર્ષ (D) 35 વર્ષ **(D)**

9. ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થાનું નામ શું છે ?

(A) ભારતીય સાહિત્ય પરિષદ (B) સાહિત્ય અકાદમી

(C) ભારત સાહિત્ય ભવન (D) સાહિત્ય પરિષદ **(B)**

10. ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા સાહિત્ય અકાદમી બીજા કયા નામે ઓળખાય છે ?

(A) નેશનલ એકેડમી (B) નેશનલ એકેડમી ઓફ ઈન્ડિયા

(C) નેશનલ એકેડમી ઓફ લોટસ (D) નેશનલ એકેડમી ઓફ લેટર્સ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા સાહિત્ય અકાદમી ઉપરાંત લલીત કલા અકાદમી અને સંગીત નાટક અકાદમીનું વડુ મથક કયાં આવેલું છે ?
(A) શ્રી રાજીવ ગાંધી ભવન, નવી દિલ્હી (B) શ્રી મહાત્મા ગાંધી ભવન, નવી દિલ્હી
(C) શ્રી રાજેન્દ્ર પ્રસાદ ભવન, નવી દિલ્હી (D) શ્રી રવિન્દ્ર ભવન, નવી દિલ્હી **(D)**

12. ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા સાહિત્ય અકાદમીની સ્થાપના કયારે થઈ હતી ?
(A) 12 માર્ચ, 1951 (B) 12 માર્ચ, 1952 (C) 12 માર્ચ, 1953 (D) 12 માર્ચ, 1954 **(D)**

13. સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા વધુમાં વધુ કુલ કેટલી ભાષાઓમાં વિવિધ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે ?
(A) 20 (B) 22 (C) 24 (D) 26 **(C)**

## 15 JUNE, 2019 SATURDAY

### ➤ શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ-2019


13-14 જૂન 2019 દરમિયાન કિર્ગીસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની 19મી સમિટનું આયોજન થયું હતું.

- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેરરિઝમ ફ્રી સોસાયટી અને ન્યૂ વર્લ્ડનો નારો આપ્યો હતો.
- આ ઉપરાંત તેમણે SCOના તમામ સભ્ય દેશોના લોકોને ભારત ઈ-વિઝાની સુવિધા આપશે એવી જાહેરાત કરી હતી.

#### SCO

શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠન)ને ટૂંકમાં SCO તરીકે પણ ઓળખવામાં આવે છે.

- 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈમાં થયેલી એક બેઠકમાં ચીન, રશિયા, કઝાખસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન એમ કુલ પાંચ દેશોએ એક બીજાના વંશીય અને ધાર્મિક તનાવોને દૂર કરવા માટે એક સંગઠનની રચના કરી.



- આ સંગઠન **'શાંઘાઈ ફાઈવ'** તરીકે ઓળખાયું.
- ત્યારબાદ **15 જૂન, 2001**ના રોજ **'શાંઘાઈ ફાઈવ'** દેશો ઉપરાંત **ઉઝબેકિસ્તાન** દ્વારા **'શાંઘાઈ કો-ઓપરેશન'**ની રચના કરવામાં આવી હતી.
- આ માટે **'શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર'** પર **જૂન 2002**માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- અને આ ચાર્ટર **19 સપ્ટેમ્બર, 2003**થી લાગુ થયું હતું.
- આમ, કુલ **છ દેશો** દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી. અને **ભારત** તેનું ઓબ્ઝર્વર કન્ટ્રી હતું.
- જોકે ત્યારબાદ **9 જૂન, 2017**ના રોજ **કઝાખસ્તાનના અસ્તાના** ખાતે મળેલી SCOની **17મી સમિટ**માં **ભારત** આ સંગઠનના **સાતમા** અને **પાકિસ્તાન** આ સંગઠનના **આઠમા** સભ્ય તરીકે સામેલ થયા હતા.
- આમ, જૂન 2019 સુધીમાં SCOમાં કુલ **8 સભ્ય દેશો** છે.
- 8 સભ્ય દેશો ઉપરાંત SCOમાં ચાર ઓબ્ઝર્વર દેશો, 6 ડાયલોગ પાર્ટનર અને 4 મહેમાન દેશોનો સમાવેશ થાય છે.
- SCOના ઓબ્ઝર્વર દેશોમાં અફઘાનિસ્તાન, ઈરાન, બેલારુસ અને મોંગોલિયાનો સમાવેશ થાય છે.
- SCO એ **યુરેશિયન** રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે.
- **વિસ્તાર અને વસતી**ની દૃષ્ટિએ આ **વિશ્વનું સૌથી મોટું સંગઠન** છે.
- જે યુરેશિયન ખંડનો ત્રણ–પંચમાઉન્સ હિસ્સો અને વિશ્વની કુલ વસતીનો અડધો હિસ્સો ધરાવે છે.
- SCOને વિશ્વના સૌથી શક્તિશાળી સંગઠન NATO (નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન)નો સામનો કરનારા સંગઠન તરીકે મૂલવવામાં આવે છે.
- તેનું વડું મથક **ચીન**ના **બેઈજિંગ** ખાતે આવેલું છે.

## ➤ ચક્રવાત 'વાયુ'




**'વાયુ'**એ **ઉત્તર હિંદ મહાસાગર**નું વર્ષ 2019નું ત્રીજું અને 'ફની' બાદ અત્યાર સુધીનું વર્ષ 2019નું **બીજું સૌથી તેજ ઉષ્ણકટિબંધિય ચક્રવાત** હતું.

- જોકે, વર્ષ 2019માં **અરબી સમુદ્ર**માં ઉદ્દભવેલું તે **પ્રથમ** ચક્રવાત હતું.
- **ઉત્તરીય માલદીવ** નજીક આ ચક્રવાતનો ઉદ્દભવ થયો હતો.
- અને સૌપ્રથમ **9 જૂન, 2019**ના રોજ **ઉત્તરીય માલદીવ** નજીક **India Meteorological Department (IMD)** દ્વારા તેની નોંધ કરવામાં આવી હતી.
- અને **10 જૂન, 2019**ના રોજ તેને **'વાયુ'** નામ આપવામાં આવ્યું હતું.
- 13 જૂન, 2019ના રોજ આ ચક્રવાતમાં પવનની ઝડપ **185 કિમી પ્રતિ કલાક** સુધી થઈ ગઈ હતી. અને **Saffir-Simpson hurricane wind Scale (SSHWS)** મુજબ તે **મોટા હરિકેન**ની ઓછામાં ઓછી **કેટેગરી 3** સુધી તે પહોંચી ગયું હતું.
- આ 'વાયુ' ચક્રવાતને કારણે ગુજરાતમાં આશરે 2.75 લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.
- આ ચક્રવાતનું **'વાયુ'** નામ **ભારત** દ્વારા આપવામાં આવ્યું હતું. સંસ્કૃત અને હિન્દી ભાષામાં પ્રચલિત 'વાયુ' શબ્દનો અર્થ **'પવન'** થાય છે.

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધિય અને ઉપોષ્ણકટિબંધિય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે અને આ લિસ્ટ પ્રમાણે જે તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધિય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ/India Meteorological Department (IMD/RMSC, નવી દિલ્હી) દ્વારા આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ એમ કુલ 8 દેશો દ્વારા સૂચિત 64 નામોનું એક લિસ્ટ બનાવવામાં આવ્યું છે.
- આ લિસ્ટમાંથી ઉત્તરહિંદ મહાસાગરમાં ઉદ્‌ભવતા ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્‌ભવેલ ચક્રવાત 'વાયુ'નું નામ ભારત દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું.
- 'વાયુ' બાદ હવે ઉદ્‌ભવ થનાર ચક્રવાતને માલદીવ દ્વારા સૂચિત 'હિક્કા' નામ આપવામાં આવશે.

ICE COMPETITIVE EXAMS

### List of Northern Indian Ocean tropical cyclone names

| | Contributing nation | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| List | Bangladesh | India | Maldives | Myanmar | Oman | Pakistan | Sri Lanka | Thailand |
| 1 | Onil | Agni | Hibaru | Pyarr | Baaz | Fanoos | Mala | Mukda |
| 2 | Ogni | Akash | Gonu | Yemyin | Sidr | Nargis | Rashmi | Khai-Muk |
| 3 | Nisha | Bijli | Aila | Phyan | Ward | Laila | Bandu | Phet |
| 4 | Giri | Jal | Keila | Thane | Murjan | Nilam | Viyaru | Phailin |
| 5 | Helen | Lehar | Madi | Nanauk | Hudhud | Nilofar | Ashobaa | Komen |
| 6 | Chapala | Megh | Roanu | Kyant | Nada | Vardah | Maarutha | Mora |
| 7 | Ockhi | Sagar | Mekunu | Daye | Luban | Titli | Gaja | Phethai |
| 8 | Fani | Vayu | Hikaa | Kyarr | Maha | Bulbul | Pawan | Amphan |

**નોંધ :** ભારતમાં નવી દિલ્હી ખાતે હેડક્વાર્ટર ધરાવતો ભારત મૌસમ વિભાગ (Indian Meteorological Department-IMD)એ ભારતમાં હવામાનનું અવલોકન, હવામાનની આગાહી તથા ભૂકંપ વિજ્ઞાન માટે જવાબદાર મુખ્ય એજન્સી છે.

## કયા નંબરના સિગ્નલથી શું સંદેશો ?

> **નોંધ :** ગુજરાતમાં ચક્રવાત વાયુના ખતરાને ધ્યાનમાં રાખીને તાજેતરમાં સૌરાષ્ટ્રના બંદરો પર **સિગ્નલ-9** મૂકવામાં આવ્યું હતું.

**1-નંબરનું સિગ્નલ**

સંભવિત વાવાઝોડાની ચેતવણી

**2-નંબરનું સિગ્નલ**

વાવાઝોડું સક્રિય થયું છે

આ નંબરનું સિગ્નલ બતાવે છે કે બંદર છોડ્યા પછી દરિયામાં જતા જહાજોને સમુદ્રી બળનો સામનો કરવો પડશે.

**3-નંબરનું સિગ્નલ**

સપાટીવાળી હવાથી બંદર ભયમાં છે

**4-નંબરનું સિગ્નલ**

વાવાઝોડાથી બંદર ભયમાં છે. પરંતુ અત્યાર સુધી કોઈ સાવચેતીના પગલા લેવા પડે એવો ભય ગંભીર જણાતો નથી.

**5-નંબરનું સિગ્નલ**

થોડા અથવા સાધારણ પ્રકારનું વાવાઝોડું બંદરથી દક્ષિણ દિશા તરફ કિનારો ઓળંગે તેવી શકયતા જેથી બંદરમાં ભારે હવા ફૂંકાય તેવી શકયતા છે.

**6-નંબરનું સિગ્નલ (ભય)**

થોડા અથવા સાધારણ પ્રકારનું વાવાઝોડું બંદરની ઉત્તર દિશા તરફનો કિનારો ઓળંગે તેવી શકયતા જેથી બંદર ઉપર ભારે હવાનો અનુભવ થાય.

**7-નંબરનું સિગ્નલ (ભય)**

પહોળા અથવા સાધારણ પ્રકારનું વાવાઝોડું બંદર નજીક અથવા બંદરની ઉપર થઈને પસાર થાય તેવી શકયતા જેથી બંદરને ભારે તોફાની પવનનો સામનો કરવો પડશે.

**8-નંબરનું સિગ્નલ (મહાભય)**

ભારે જોરવાળું વાવાઝોડું બંદરથી દક્ષિણ તરફ કિનારો ઓળંગે તેવી શકયતા જેથી બંદરે તોફાની હવાનો અનુભવ થાય.

**9-નંબરનું સિગ્નલ (મહાભય)**

ભારે જોરવાળું વાવાઝોડું બંદરથી ઉત્તર તરફ કિનારો ઓળંગે તેવી શકયતા જેથી બંદરને ભારે તોફાની હવાનો અનુભવ થવાની શક્યતા છે.

**10-નંબરનું સિગ્નલ (મહાભય)**

ભારે જોરવાળું વાવાઝોડું બંદરની ઉપર થઈને પસાર થવાની શક્યતા છે.

આથી બંદરને ભારે તોફાની હવાનો અનુભવ થવાની શક્યતા છે.

**11-નંબરનું સિગ્નલ (મહાભય)**

ખૂબ ખરાબ હવામાનનો અનુભવ, અત્યંત ભયજનક ગણાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 13-14 જૂન, 2019 દરમિયાન શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠનની કેટલામી સમિટનું આયોજન થયું હતું.
(A) 15મી (B) 16મી (C) 17મી (D) 19મી **(D)**

2. 13-14 જૂન, 2019 દરમિયાન શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની 19મી સમિટ કયાં યોજાઈ હતી ?
(A) વુહાન, ચીન (B) બેઈજિંગ, ચીન (C) ચોંગકિંગ, ચીન (D) બિશ્કેક, કિર્ગીસ્તાન **(D)**

3. SCO નું પૂરું નામ શું છે ?
(A) શાંઘાઈ કોઓર્ડિનન્સ ઓર્ગેનાઈઝેશન (B) સોશિયલ કોર્પોરેટ ઓર્ગેનાઈઝેશન
(C) સોશિયલ કો–ઓપરેટીવ ઓર્ગેનાઈઝેશન (D) શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન **(D)**

4. SCOની રચના ક્યારે થઈ હતી ?
(A) 26 એપ્રિલ, 1996 (B) 26 એપ્રિલ, 2001 (C) 15 જૂન, 1996 (D) 15 જૂન, 2001 **(D)**

5. 15 જૂન, 2001ના રોજ કુલ કેટલા દેશો દ્વારા SCOની સ્થાપના કરવામાં આવી હતી ?
(A) 8 (B) 5 (C) 7 (D) 6 **(D)**

6. ભારત SCOનું કેટલામું સભ્ય દેશ બન્યું છે ?
(A) આઠમું (B) પાંચમું (C) નવમું (D) સાતમું **(D)**

7. જૂન, 2019ની સ્થિતિએ SCOમાં કુલ કેટલા સભ્ય દેશો છે ?
(A) 12 (B) 8 (C) 10 (D) 6 **(B)**

8. SCOના 8 સભ્ય દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) ચીન (B) રશિયા (C) કિર્ગીસ્તાન (D) ઈરાન **(D)**

9. SCOના 8 સભ્ય દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) કઝાખસ્તાન (B) તાજિકિસ્તાન (C) ઉઝબેકિસ્તાન (D) અફઘાનિસ્તાન **(D)**

10. શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)નું વડુંમથક કયાં આવેલું છે ?
(A) શાંઘાઈ (B) કિંગડાઓ (C) બેઈજિંગ (D) તાશ્કંદ **(C)**

11. તાજેતરમાં ભારતમાં આવેલું 'વાયુ' ચક્રવાત કયા પ્રકારનું ચક્રવાત હતું ?
(A) ઉષ્ણકટિબંધિય (B) ઉપોષ્ણ કટિબંધિય
(C) સમશિતોષ્ણ કટિબંધિય (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

12. તાજેતરમાં આવેલ 'વાયુ' ચક્રવાતનો ઉદ્દભવ કયાં થયો હતો ?
(A) શ્રીલંકા પાસે, હિંદ મહાસાગરમાં (B) માલદીવ પાસે, અરબી સમુદ્રમાં
(C) ઈન્ડોનેશિયા પાસે, હિંદ મહાસાગરમાં (D) ફિલિપાઈન્સ પાસે, હિંદ મહાસાગરમાં **(B)**

13. તાજેતરમાં ત્રાટકેલા 'વાયુ' ચક્રવાત માટેનું 'વાયુ' નામ કયા દેશ દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું ?
(A) ભારત (B) પાકિસ્તાન (C) શ્રીલંકા (D) બાંગ્લાદેશ **(A)**

14. ભારતમાં હવામાનનું અવલોકન, હવામાનની આગાહી તથા ભૂકંપવિજ્ઞાન માટે જવાબદાર મુખ્ય એજન્સીનું નામ શું છે ?
(A) ભારત મૌસમ વિભાગ (B) ભારત મૌસમ સેન્ટર
(C) ભારત મૌસમ ઈન્સ્ટિટ્યૂટ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ નર્મદા બાયોકેમનાં નવા ખાતર યુરિયા (UREA)નું લોન્ચિંગ

તાજેતરમાં ગુજરાતના અમદાવાદ ખાતે નર્મદા બાયોકેમ લિમિટેડની 15મી વાર્ષિક ડિલર કોન્ફરન્સનું આયોજન થયું હતું. આ કોન્ફરન્સમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નર્મદા બાયોકેમના નવા ખાતર યુરિયા (UREA)નું લોન્ચિંગ કર્યું હતું.

### ➤ ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ્સ એન્ડ હેલ્થકેર એકઝીબીશનનો ગાંધીનગરથી પ્રારંભ

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ દ્વિદિવસીય ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ્સ એન્ડ હેલ્થકેર એકઝીબીશનનો ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે, ભારતના દવા ઉત્પાદનનો ગુજરાત હાલ 30 ટકા હિસ્સો ધરાવે છે જે વધારીને 45 ટકા સુધી લઈ જવાની તેમણે નેમ વ્યક્ત કરી હતી.

### ➤ દેશમાં 10% આર્થિક પછાત અનામતનો અમલ કરનાર ગુજરાત પ્રથમ

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં ઉચ્ચ અભ્યાસક્રમોની તમામ પ્રવેશ પ્રક્રિયામાં 10 ટકા આર્થિક પછાત અનામતનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષથી જ કરવામાં આવશે. સરકારના આ નિર્ણયથી ભારતમાં 10 ટકા આર્થિક પછાત અનામતનો અમલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

### ➤ 'વાયુ' વાવાઝોડામાં આર્થિક સહાય

તાજેતરમાં ગુજરાતમાં 'વાયુ' ચક્રવાતના સંભવિત ખતરાને ધ્યાનમાં લઈને 10 જિલ્લાના આશરે 2.75 લાખ લોકોનું સલામત સ્થળે આશ્રય સ્થાનોમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આવા જે લોકોએ આશ્રયસ્થાનોમાં આશ્રય લીધો હતો તેમાંથી પુખ્ત વયની વ્યક્તિને રૂ. 60 પ્રતિદિન અને સગીર વયની વ્યક્તિને રૂ. 45 પ્રતિદિન પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા ત્રણ દિવસની રોકડ રકમ ચૂકવવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત

## ➤ મેઘાલયની NPP રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મેળવનાર પૂર્વોત્તર ભારતની પ્રથમ પાર્ટી બની

ભારતમાં તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા **મેઘાલય**ના મુખ્યમંત્રી **શ્રી કોનરાડ સંગ્મા**ની **'નેશનલ પીપલ્સ પાર્ટી' (NPP)**ને રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સાથે જ 'નેશનલ પીપલ્સ પાર્ટી' (NPP) રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મેળવનાર **પૂર્વોત્તર ભારતની પ્રથમ પાર્ટી** બની ગઈ છે.

## ➤ શ્રી મહેન્દ્રસિંહ ધોનીના ગ્લોવ્ઝ પરથી સેનાના ચિહ્ન હટાવવા ICCની અપીલ

ICC વર્લ્ડ કપ 2019માં **સાઉથ આફ્રિકા** સામેની ભારતની પ્રથમ મેચમાં ભારતના પ્રસિદ્ધ વિકેટ કિપર **શ્રી મહેન્દ્ર સિંહ ધોનીના** ગ્લોવ્ઝ પર **'ભારતીય પેરા સ્પેશિયલ ફોર્સ'**ના **'બલિદાન બેઝ'**ના ચિહ્ન જોવા મળ્યા હતા. આ ચિહ્ન હટાવવા માટે ICCએ BCCIને અપીલ કરી હતી.

## ➤ પુડુચ્ચેરીના પૂર્વ મુખ્યમંત્રી શ્રી આર. વી. જાનકીરામનનું નિધન

**પુડુચ્ચેરી**ના પૂર્વ મુખ્યમંત્રી તથા **DMK**ના નેતા **શ્રી આર. વી. જાનકીરામનનું** તાજેતરમાં 79 વર્ષની વયે નિધન થયું છે. તેઓ 26 માર્ચ 1996થી 18 માર્ચ 2000 દરમિયાન પુડુચ્ચેરીના મુખ્યમંત્રી હતા.

## ➤ કેન્દ્ર સરકારે કેબિનેટ સચિવ શ્રી પ્રદીપ સિંહાનો કાર્યકાળ ત્રીજી વખત વધાર્યો

કેન્દ્ર સરકાર દ્વારા **ભારતના કેબિનેટ સચિવ શ્રી પ્રદીપ કુમાર સિંહા**નો કાર્યકાળ **ત્રણ મહિના** માટે વધારવામાં આવ્યો છે. વર્ષ **2015**માં **બે વર્ષ** માટે કેબિનેટ સચિવ બનેલા શ્રી પ્રદીપ કુમાર સિંહાનો કાર્યકાળ આ અગાઉ પણ બે વખત વધારવામાં આવ્યો છે. શ્રી પ્રદીપ કુમાર સિંહા **1977**ની બેચના **ઉત્તરપ્રદેશ** કેડરના **IAS ઓફિસર** છે. શ્રી પ્રદીપ કુમાર સિંહાને કેબિનેટ સચિવ તરીકે ચાલુ રાખવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કેબિનેટ સચિવનો અગાઉનો **2 વર્ષ**નો કાર્યકાળ હવે **4 વર્ષ**નો કરવામાં આવ્યો છે. અને **4 વર્ષ** બાદ પણ તેને વધુમાં વધુ **ત્રણ મહિના** સુધી વધારી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ NIAના પૂર્વ પ્રમુખ શ્રી શરદ કુમારની વચગાળાના CVC તરીકે નિમણૂક

**NIAના પૂર્વ પ્રમુખ** અને વર્તમાન **વિજિલન્સ કમિશનર શ્રી શરદ કુમાર**ની તાજેતરમાં ભારતના **વચગાળાના સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર (CVC)** તરીકે નિમણૂક કરવામાં આવી છે. 9 જૂન, 2019ના રોજ નિવૃત્ત થયેલા સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર **શ્રી કે. વી. ચૌધરી**ના સ્થાને જ્યાં સુધી નવા CVCની નિમણૂક ન થાય ત્યાં સુધી વચગાળાના CVC તરીકે શ્રી શરદ કુમારની નિમણૂક કરવામાં આવી છે.

## ➤ શ્રી નૃપેન્દ્ર મિશ્રા બીજા પાંચ વર્ષ માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સચિવ

ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સચિવ** તરીકે **બીજા પાંચ વર્ષ** માટે **શ્રી નૃપેન્દ્ર મિશ્રા**ની નિમણૂક કરવામાં આવી છે. આ અગાઉ 28 મે 2014ના રોજ તેમને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા હતા. શ્રી નૃપેન્દ્ર મિશ્રાને **કેબિનેટ મંત્રી**નો દરજ્જો પણ આપવામાં આવ્યો છે.

# વિશ્વ

## ➤ ચીન દ્વારા પ્રથમ વખત સમુદ્રી જહાજમાંથી અવકાશમાં રોકેટ લોન્ચ

તાજેતરમાં ચીનના શાનડોંગ પ્રાંતમાં પીળા સમુદ્રમાં આવેલા એક ગતિશીલ પ્લેટફોર્મ પરથી Long March-11 નામનું રોકેટ અવકાશમાં સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. ચીન દ્વારા સમુદ્ર પર સ્થિત પ્લેટફોર્મ પરથી સૌપ્રથમ વખત આ રોકેટ અવકાશમાં લોન્ચ કરવામાં આવ્યું છે. આ સાથે જ અમેરિકા અને રશિયા બાદ ચીન આવી સિદ્ધિ મેળવનાર વિશ્વનો ત્રીજો દેશ બની ગયો છે.

## ICE Questions

➤ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદા બાયોકેમના નવા ખાતર યુરિયા (UREA)નું કયાંથી લોન્ચિંગ કર્યું છે ? – અમદાવાદ

➤ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટિકલ્સ એન્ડ હેલ્થકેર એકઝીબિશનનો કયાંથી પ્રારંભ કરાવ્યો છે ? – ગાંધીનગર

➤ કેન્દ્ર સરકારના 10% આર્થિક પછાત અનામતનો અમલ કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – ગુજરાત

➤ ગુજરાતમાં 'વાયુ' વાવાઝોડાને કારણે આશ્રયસ્થાનોમાં આશ્રય લેનાર પુખ્ત વયની વ્યક્તિને પ્રતિદિન કેટલા રૂ. લેખે ત્રણ દિવસની રોકડ સહાય આપવામાં આવશે ? – રૂ. 60

➤ તાજેતરમાં મેઘાલયની કઈ પાર્ટી રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મેળવનાર પૂર્વોત્તર ભારતની પ્રથમ પાર્ટી બની ગઈ છે ? – નેશનલ પીપલ્સ પાર્ટી (NPP)

➤ તાજેતરમાં શ્રી મહેન્દ્ર સિંહ ધોનીના ગ્લોવ્ઝ પરથી ભારતની કઈ ફોર્સના 'બલિદાન બેઝ'ને હટાવવા ICC એ BCCIને અપીલ કરી હતી ? – ભારતીય પેરા સ્પેશિયલ ફોર્સ

➤ તાજેતરમાં શ્રી આર. વી. જાનકીરામનનું નિધન થયું છે.... તેઓ કયાંના પૂર્વ મુખ્યમંત્રી હતા ? – પુડુચ્ચેરી

➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે કેબિનેટ સચિવ તરીકે કોનો કાર્યકાળ ત્રણ મહિના માટે વધાર્યો છે ? – શ્રી પ્રદીપ કુમાર સિંહા

➤ તાજેતરમાં ભારતમાં વચગાળાના સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર (CVC) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી શરદ કુમાર

➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સચિવ તરીકે તાજેતરમાં કોની ફરીથી નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી નૃપેન્દ્ર મિશ્રા

➤ તાજેતરમાં ચીન દ્વારા પ્રથમ વખત સમુદ્રી જહાજમાંથી કયું રોકેટ અવકાશમાં લોન્ચ કરવામાં આવ્યું છે ? – Long March-11

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.**

**FACEBOOK**
**icerajkot**

**આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL**

**(t.me / icerajkotofficial)**
**આજે જ JOIN કરો.**




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.